Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, જૂન | ૪૨૮ | વર્ષ ૩૫ : અંક ૧૯

૯૦ મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે મુંબઈમાં મુમુક્ષુઓને મળેલો

# પ્રવચન-પ્રસાદ

[ 'બહેનશ્રીનાં વચનામૃત'ના કેટલાંક બોલ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## * મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે *

'જેને લાગી છે તેને લાગી છે' ...પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ સહજ છે તેથી હઠ ન કરવી. પ્રભુ પરિણમનશીલ છે, પલટનસ્વરૂપ છે તેથી શુભ ને અશુભભાવ આવશે, કેમ કે ધ્રુવપણે આત્મા કૂટસ્થ હોવા છતાં પર્યાયપણે કૂટસ્થ નથી. તેથી શુભભાવને એકદમ છોડવા જઈશ તો નહિ છૂટે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ વસ્તુ છે તેથી ઉત્પાદને લઈને પરિણમન તો થશે જ. તેથી શુભાશુભ ભાવ તો થશે જ, તેને છોડવા જઈશ, હઠ કરીશ તો શૂન્ય અર્થાત્ શુષ્ક થઈ જઈશ. ચૈતન્યસ્વભાવમાં ન જઈ શકે ત્યારે શુભાશુભભાવ તો આવશે જ પણ આત્મા તરફના વલણને મૂકીશ નહીં ને શુભાશુભ ભાવ આવે એનો ખેદ કરીશ નહિ. શુભાશુભ ભાવ હોય પણ તેને છોડવાનો આગ્રહ-હઠ કરીશ નહિ.

તારી લાયકાત એટલી ન હોય ને ઝટ અંતરમાં જઉં-એ તો હઠ છે, માટે તારી લાયકાત પ્રમાણે અંતરમાં જવાનો પુરુષાર્થ કરજે. મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યમાં જોડાય, રાગ આવે પણ અંતરમાં રાગની ખટક રહ્યાં જ કરે કે અરે! હું અહીં ક્યાં છું? મારો નાથ તો અંતરમાં બિરાજે છે -એમ મુમુક્ષુને, રાગ આવે પણ, અંતરમાં ખટક રહ્યાં જ કરે. રાગભાવ આવે પણ તેમાં સંતોષ ન કરે કે આ શુભરાગ કરીયે છીએ તેનાથી હળવે હળવે આગળ જવાશે-એમ સંતોષાઈ ન જાય. જેટલો જ્ઞાયકભાવ છે એટલો જ હું છું-એનું નામ સંતોષ છે અને જ્ઞાયકભાવમાં જેટલો એકાગ્ર થાય એટલું જ કલ્યાણ છે.

મુમુક્ષુને ઊંડાણમાં નિરંતર ખટક રહ્યાં જ કરે કે મારે જે કરવાનું છે તે બાકી છે. તેથી હરખમાં-શુભભાવમાં હરખાઈ-સંતોષાઈ જતો નથી. અંદરમાં જ્ઞાયક વસ્તુ હાથ ન આવે તેથી મૂંઝવણ તો થાય પણ આડો-અવળો ન જતાં મૂંઝવણમાંથી માર્ગ કાઢશે જ. ખટક રહે તો માર્ગ હાથ આવ્યે જ છૂટકો.

[ અનુસંધાન પાનું ૨૭ ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૫ અંક ૧૯

દંસણમૂલો ધમ્મો — ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૦૫
A. D. 1979 JUNE

# પુદ્ગલપરિણામને જાણતો હોવા છતાં જ્ઞાની તેનો કર્તા નથી

**ભગવાનની ભક્તિ, સ્તુતિ, વંદના કે દયા-દાન-વ્રત-તપરૂપ રાગપરિણતિની આદિમાં, મધ્યમાં ને અંતમાં પુદ્ગલદ્રવ્ય પોતે વ્યાપતું થકું, તે તે પ્રકારના-વિધવિધ પ્રકારના પુદ્ગલપરિણામને પુદ્ગલદ્રવ્ય ગ્રહે છે, તે-રૂપ પરિણમે છે તે-રૂપ ઊપજે છે. -એમ જ્ઞાની જાણતો હોવા છતાં પુદ્ગલપરિણામને જ્ઞાની ગ્રહતો નથી, તે-રૂપ પરિણમતો નથી ને તે-રૂપ ઊપજતો નથી. તેથી પુદ્ગલપરિણામને જાણવા છતાં જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મપણું નથી.**

[ શ્રી સમયસાર, ગાથા–૭૬ ઉપર પૂજ્યશ્રીના પ્રવચનમાંથી ]

દયા–દાન આદિના પરિણામ એ પુદ્ગલના કાર્ય છે, જીવના નહીં. ભગવાનની ભક્તિ આદિ ભાવ એ રાગ છે ને રાગ છે તે કર્મનું કાર્ય છે, પુદ્ગલનું કાર્ય છે, કેમ કે જ્ઞાયક આત્માને વિકારી પરિણામનું કાર્ય કેમ હોય? ત્યારે શિષ્ય પૂછે છે કે દયા–દાન –વ્રત આદિના પરિણામ થાય છે એ પુદ્ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે તો તેને

પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું છે કે નહીં ? દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ–વિનય આદિનો ભાવ પુદ્‌ગલના પરિણામ છે એમ જ્ઞાની જાણે છે, જાણતો હોવાથી પુદ્‌ગલ સાથે જીવને કર્તા–કર્મપણું છે કે નહીં એમ જિજ્ઞાસાથી શિષ્ય પૂછે છે. તેને અહીં ઉત્તરરૂપે ગાથા કહે છે.

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

કર્મ ને નોકર્મરૂપ પુદ્‌ગલના જે પરિણામ જે સમયે થવાના તે તેનું પ્રાપ્ય છે એટલે કે એ પરિણામને પુદ્‌ગલ ગ્રહે છે. તે સમયે પુદ્‌ગલનું કર્મપણે થવું તે ધ્રુવ છે એટલે કે નિશ્ચિત છે એટલે કે તે પ્રાપ્ય છે એટલે કે તે સમયે પુદ્‌ગલ તેને ગ્રહે છે. રાગની પૂર્વની પર્યાયનો વ્યય થવો એ પુદ્‌ગલને લઈને છે તેથી તે પુદ્‌ગલનું વિકાર્ય છે. ભક્તિ આદિનો ભાવ એ પુદ્‌ગલથી ઊપજ્યો છે તેથી તે પુદ્‌ગલનું નિર્વર્ત્ય છે. જે સમયે જે રાગ થવાનો હતો તે થયો તે ધ્રુવ–તે પ્રાપ્ય, જે ફેરફાર થયો એટલે કે પૂર્વની પર્યાયનો વ્યય થયો તે વિકાર્ય ને જે રાગના પરિણામ ઉત્પન્ન થયા તે નિર્વર્ત્ય. કોના ? –કે પુદ્‌ગલના.

પૂજા–ભક્તિ–વંદન આદિ જે પરિણામ છે તે પુદ્‌ગલનું વ્યાપ્ય છે. પુદ્‌ગલ તેનો કર્તા ને પુદ્‌ગલનું તે કાર્ય છે. ભગવાન આત્મા જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાયકસ્વભાવ છે, તેના પરિણામ તો દયા–દાન આદિના ભાવને જાણે એટલે જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે. જે કોઈ દયા–દાન–ભક્તિ–વ્રત–વિનય આદિ રાગના પરિણામ થાય તેમાં પુદ્‌ગલદ્રવ્ય પ્રસરે છે. પુદ્‌ગલદ્રવ્ય પોતે જ દયા–દાન આદિ પુદ્‌ગલપરિણામમાં અંતર્વ્યાપક થઈને પ્રસરે છે.

ભગવાનની સ્તુતિ ને ભક્તિના ભાવની આદિમાં પુદ્‌ગલ કર્મ છે, મધ્યમાં પુદ્‌ગલ કર્મ છે ને અંતમાં પુદ્‌ગલ કર્મ વ્યાપે છે. તેમાં ક્યાંય ભગવાન આત્મા વ્યાપતો નથી. દયા–દાન આદિનો ભાવ એ પરદ્રવ્યના પરિણામ છે, એ પરદ્રવ્યપરિણામમાં આત્મા વ્યાપ્તો નથી. અરે ! ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે એ પરદ્રવ્યના પરિણામ છે, ભગવાન આત્માના એ પરિણામ નથી. ભગવાન તારી પર્યાયમાં જે રાગાદિ થાય એ તારી પર્યાય નહીં. પ્રભુ ! તું તો જ્ઞાયક છોને ! તારા પરિણામ તો જાણવાના પરિણામ છે. રાગના પરિણામની આદિ–મધ્ય–અંતમાં ક્યાંય તું નથી, પુદ્‌ગલદ્રવ્ય તેના આદિ–મધ્ય–અંતમાં વ્યાપે છે. પ્રભુ ! તું તો જ્ઞાયકસ્વરૂપ છો. જ્ઞાયકના પરિણામ જાણવારૂપ હોય કે રાગાદિરૂપ હોય ?

ભગવાનની સ્તુતિ આદિ રાગપરિણતિની આદિમાં કર્મ છે, મધ્યમાં પણ કર્મ છે ને અંતમાં પણ કર્મ છે. જેની આદિ–મધ્ય–અંતમાં કર્મ છે એવા રાગાદિ તારું કાર્ય કેમ હોય? ભગવાન એમ કહે છે કે અમારી ભક્તિ–સ્તુતિના જે ભાવ તને થાય તેની આદિ –મધ્ય–અંતમાં તું નથી હો! એની શરૂઆતમાં, મધ્યમાં ને અંતમાં તો કર્મ છે. ભગવાન! તું તો ભગવાન છોને! તારા પરિણામ તો તું પર્યાયમાં ભગવાન થા એવા જ હોય. ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવી છે તેથી તેના પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય એવા જ હોય. ભગવાનના પરિણામ રાગાદિરૂપ પામરતાના ન હોય.

પુદ્ગલપરિણામસ્વરૂપ રાગાદિના આદિ–મધ્ય–અંતમાં પુદ્ગલ વ્યાપીને તેને ગ્રહતું, તે–રૂપે પરિણમતું ને તે–રૂપે ઊપજતું થકું તેને કરે છે. આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતાં પુદ્ગલપરિણામને એટલે કે રાગાદિને જ્ઞાની જાણે છે ને તે જણાય છે એવો સંબંધ છે. ભગવાનની ભક્તિ–વંદન આદિ પુદ્ગલપરિણામને જ્ઞાની જાણે છે. રાગના પરિણામ તે જ્ઞેય છે ને જ્ઞાની જ્ઞાતા છે. તોપણ જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપીને–પ્રસરીને ઘડાની પર્યાયને કરે છે, ઘડાની આદિ–મધ્ય–અંતમાં માટી પોતે જ વ્યાપીને ઘડાને કરે છે, કુંભાર ઘડાને કરતો જ નથી. ઘડાની આદિમાં એટલે કે શરૂઆતમાં કુંભાર હતો માટે ઘડો થયો છે તેમ નથી. માટી પોતે જ ઘડાની આદિ–મધ્ય –અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, તે માટીનું પ્રાપ્ય છે, ઘડારૂપે પરિણમે છે તે માટીનું વિકાર્ય છે ને ઘડારૂપે ઊપજે છે તે માટીનું નિર્વર્ત્ય છે.

તેમ જ્ઞાની પોતે એટલે કે જેને જ્ઞાયકની દ્રષ્ટિ થઈ છે ને પર્યાયની દ્રષ્ટિ છૂટી ગઈ છે એવો જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં એટલે કે ત્રણ લોકના નાથ સાક્ષાત્ બિરાજતા હોય ને તેની સ્તુતિ કરતા હોય એ સ્તુતિના પરિણામ પરદ્રવ્યના પરિણામ છે. તેમાં, જ્ઞાની અંતર્વ્યાપક થઈને, આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી, તે–રૂપે પરિણમતો નથી ને તે–રૂપે ઊપજતો નથી. રાગાદિ પરિણામ તો પુદ્ગલનું પ્રાપ્ય છે, જ્ઞાનીનું તે પ્રાપ્ય નથી તેથી જ્ઞાની તેને ગ્રહતો નથી. તે સમયે ઉત્પન્ન થતો રાગ તે તેના જન્મક્ષણે ઉત્પન્ન થયો છે તેને જ્ઞાની ગ્રહતો નથી, કેમ કે એ તો પુદ્ગલનું પ્રાપ્ય છે. જોકે પંચમહાવ્રત આદિનો રાગ થાય તેને જ્ઞાની જાણે છે તોપણ પરદ્રવ્યસ્વરૂપ એ કાર્યને નહીં કરતા એવા જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી. એ રીતે જીવ પુદ્ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્ગલ સાથે કર્તાકર્મપણું નથી.

## નિશ્ચયનયનું મંતવ્ય :

# પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા પ્રતિભાસતો આત્મા

**પોતાના પરિણામને કરતો-ભોગવતો એવો જીવ કર્મના પરિણામને પણ કરે કે ભોગવે છે એમ નથી. મિથ્યાત્વદશામાં કે સિદ્ધદશામાં કર્મનો ઉદય કે કર્મનો અભાવ નિમિત્ત હોવા છતાં, જેમ સમુદ્ર પોતાની તરંગ કે નિસ્તરંગ દશામાં અંતર્વ્યાપક થઈને તેને કરે છે પણ પવનનું વાવું કે ન વાવું એ કાર્યને સમુદ્ર કરતો નથી, તેમ જીવ પોતાના મિથ્યાત્વ પરિણામને કે સિદ્ધદશાના પરિણામને કરતો પ્રતિભાસે છે પણ તે કર્મના ઉદયને કે કર્મના અભાવને કરતો પ્રતિભાસતો નથી.**

[ શ્રી સમયસાર, ગાથા–૮૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્માને પુદ્‌ગલકર્મના નિમિત્તથી સંસાર–અવસ્થા તથા નિઃસંસાર અવસ્થા છે તોપણ તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી જીવ પોતાના જ પરિણામનો કર્તા–ભોક્તા છે, પુદ્‌ગલકર્મનો કર્તા–ભોક્તા કદી જ નથી. એ વાત દ્રષ્ટાંતથી અહીં સમજાવે છે :

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા નિશ્ચય જાણવું. ૮૩.**

જેમ સમુદ્રમાં તરંગ ઊઠે ને તરંગ વિલય થાય એ અવસ્થાઓમાં અનુક્રમે પવનનું વાવું અને નહિ વાવું નિમિત્ત હોવા છતાં પણ પવન વ્યાપક–કર્તા અને સમુદ્રની અવસ્થા વ્યાપ્ય–કાર્ય એવા વ્યાપક–વ્યાપ્યપણાનો અભાવ છે. પવન વ્યાપક થઈને સમુદ્રના તરંગને ઉત્પન્ન કરે એવો અભાવ છે. સમુદ્રના તરંગમાં પવન નિમિત્ત હોવા છતાં પવનને ને સમુદ્રની અવસ્થાને વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ છે, એટલે કે પવનનો સદ્‌ભાવ સમુદ્રના તરંગને ઉત્પન્ન કરે કે પવનનો અભાવ સમુદ્રના તરંગને વિલય કરે એવો વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ છે. નિમિત્ત તરીકે પવનનો ભાવ–અભાવ હોવા છતાં પવનને ને સમુદ્રની અવસ્થાને કર્તા–કર્મપણાની અસિદ્ધિ છે.

સમુદ્રના પાણીના તરંગ ઊઠે તેની આદિ–મધ્ય–અંતમાં સમુદ્ર પોતે જ છે. તરંગ

ઊઠવાની શરૂઆતમાં એટલે કે આદિમાં પવન છે ને તરંગના મધ્ય–અંતમાં સમુદ્ર છે એમ નથી. સમુદ્ર પોતે જ તરંગમાં અંતર્વ્યાપક થઈને તે અવસ્થાની આદિ મધ્ય–અંતમાં વ્યાપીને તરંગને કરે છે. તરંગ ઊઠવાની આદિ–મધ્ય–અંતમાં સમુદ્ર પોતે જ છે, પવન નથી. ખરેખર તો તરંગ પોતે જ કર્તા–કર્મ આદિરૂપ પોતાના ષટ્કારકથી થાય છે પરંતુ અહીં તો પરથી ભિન્ન બતાવવું છે તેથી તરંગ ઉત્પન્ન થવામાં ને વિલય થવામાં સમુદ્ર પોતે જ કર્તા છે, સમુદ્ર અને પવન બે થઈને કાર્ય થાય છે એમ નથી.

સમુદ્ર પોતાની અવસ્થાઓને કરે છે પણ પવનને લાવવાનું કાર્ય કરતો નથી. પવનનું નિમિત્તપણું હોવા છતાં સમુદ્ર પોતે જ પોતાની ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને કરે છે પણ પવનને લાવવો એ સમુદ્રનું કાર્ય પ્રતિભાસતું નથી. પવન સમુદ્રની અવસ્થાને કરતો નથી પણ સમુદ્ર તરંગની અવસ્થાને કરતો હોવા છતાં પવનને લાવવાનું કાર્ય સમુદ્ર કરતો નથી.

તરંગ ઊઠવાનો સમય છે ત્યારે તરંગ પોતાને લઈને ઊઠે છે તેનો કર્તા સમુદ્ર કહેવામાં આવે છે. તરંગ ઊઠવાની આદિ–મધ્ય–અંતમાં સમુદ્ર વ્યાપીને તરંગને કરે છે. તરંગને કરવાનું કાર્ય સમુદ્ર કરે છે તો પછી પવનને લાવવાનું કાર્ય સમુદ્ર કરે છે ને ?–કે ના, સમુદ્રની જે અવસ્થા થઈ તે પોતાને કારણે થઈ છે પણ પરના કારણે થઈ નથી, તેમ જ તે પરને કરતો પણ નથી.

વળી જેમ તે જ સમુદ્ર ભાવકભાવ્યના અભાવને લીધે એટલે કે પવન ભાવક છે ને સમુદ્રની અવસ્થા ભાવ્ય છે એવો અભાવ છે તેથી સમુદ્ર જેમ પોતાના ભાવ્યને ભોગવે છે તેમ પવનને પણ ભોગવે છે તેમ નથી. સમુદ્ર પોતાની અવસ્થાને ભોગવે છે પણ અન્યને ભોગવે છે તેમ નથી.

આ રીતે દ્રષ્ટાંત કહીને હવે સિદ્ધાંત કહે છે :

તેવી રીતે સંસાર સહિત દશામાં એટલે કે વિકારી પરિણામમાં અને નિઃસંસાર અવસ્થામાં એટલે કે નિર્વિકારી પરિણામમાં કર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં એટલે કે સંસારદશામાં કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં અને નિઃસંસાર દશામાં કર્મના ઉદયનો અભાવ નિમિત્ત હોવા છતાં પુદ્ગલ કર્મ વ્યાપક અને જીવના પરિણામ વ્યાપ્ય એવો વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ હોવાથી કર્તાકર્મની અસિદ્ધિ છે. નિમિત્ત હોવા છતાં નિમિત્ત–પુદ્ગલકર્મ વ્યાપક થઈને જીવની અવસ્થાને કરે એવો અભાવ છે.

સંસારદશામાં કર્મના ઉદયની ઉત્પત્તિને અને આત્માના વિકારી પરિણામને વ્યાપક–વ્યાપ્યપણાનો અભાવ છે. નિઃસંસાર દશામાં એટલે કે સિદ્ધદશામાં કર્મનું અકર્મપણે થવું એ નિમિત્ત હોવા છતાં તેમને વ્યાપ્ય–વ્યાપકપણાનો અભાવ છે. તેથી પુદ્ગલકર્મને ને જીવને કર્તાકર્મપણાનો અભાવ છે. જીવ જ પોતે એટલે કે જીવ અને કર્મ બે થઈને નહિ પણ જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને વિકારી દશામાં આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને સંસાર–અવસ્થાને કરે છે. વિકારની અવસ્થાની આદિમાં કર્મનો ઉદય વ્યાપે છે એમ નથી પણ વિકારી અવસ્થામાં જીવ જ પોતે આદિ–મધ્ય–અંતમાં વ્યાપે છે. નિઃસંસાર દશાની આદિમાં જ્ઞાનાવરણાદિ કર્મનો અભાવ વ્યાપે છે તેમ નથી. જીવ જ પોતે આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને નિઃસંસાર દશાને કરે છે.

આત્માની મોક્ષદશાના કાળમાં કર્મનો અભાવ નિમિત્ત છે માટે તે કર્મનું કાર્ય છે એમ નથી. મોક્ષદશામાં જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને તેની આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને તે અવસ્થાને કરે છે. કેવળજ્ઞાનની પર્યાયની આદિમાં કર્મનો અભાવ હતો માટે કેવળજ્ઞાન થયું એમ નથી, પણ કેવળજ્ઞાનની આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને જીવ જ પોતે કરે છે.

આત્મામાં ઉત્પન્ન થતા રાગની આદિમાં કર્મનો ઉદય હતો માટે રાગ થયો છે એમ નથી. આત્મા પોતે જ અંતર્વ્યાપક થઈને રાગને કરે છે. પ્રભુ! તેં જે ૮૪ ના અવતાર કર્યા એના કારણરૂપ જે મિથ્યાત્વભાવ તેની ઉત્પત્તિનું કારણ તું છો, કર્મ તેનું કારણ નથી. તારી ભ્રમણાનું કારણ તું છો, કર્મ તેનું કારણ નથી. અજ્ઞાનભાવની ઉત્પત્તિની આદિ–મધ્ય–અંતમાં તું છો અને જ્યારે જીવ સમ્યગ્દર્શન કરે છે કે હું તો જ્ઞાયક ત્રિકાળી ચૈતન્ય છું –એ નિર્મળ પર્યાયનો કર્તા જીવ જ છે, કર્મનો ઉદય જરા ખસી ગયો માટે સમ્યગ્દર્શન થયું એમ નથી.

વિકારના, ભ્રમણાના પરિણામ કરવામાં તું એકલો જ કર્તા છો, બીજો કોઈ તને કરાવે છે એમ છે જ નહિ. કર્મ અને જીવ બે થઈને ભ્રમણા થઈ છે એમ છે જ નહિ. મિથ્યાત્વદશાની આદિ–મધ્ય–અંતમાં તું જ છો, કર્મનો તીવ્ર મંદ ઉદય મિથ્યાત્વની આદિ –મધ્ય–અંતમાં નથી. તેવી રીતે તને જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય પ્રગટ થાય તેની આદિ–મધ્ય–અંતમાં તું જ છો, તેની આદિમાં કાળલબ્ધિ હતી માટે પ્રગટ થવું છે એમ નથી. કાળલબ્ધિ હો, પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આદિ–મધ્ય–અંતમાં તું પોતે જ છો. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના વીતરાગી નિર્દોષ ધર્મના પરિણામ થાય તેની આદિમાં કર્મનો અભાવ કે મંદતા હોય તો થાય એમ નથી, તેની આદિ–મધ્ય

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૧૩ ]

# જે સર્વને જાણતો નથી તે એક આત્માને પણ જાણતો નથી

**અનંતા દ્રવ્યોનો સમુદાય તે જ્ઞેયો છે ને આત્મા જ્ઞાતા છે. સ્ત્રી-પુત્ર આદિ જ્ઞાનમાં જણાય એવા જ્ઞેય તરીકે છે પણ સ્ત્રી-પુત્ર આદિ મારા તરીકે છે એમ નથી. અનંતા દ્રવ્યો ને પર્યાયોનો સમુદાય જ્ઞેય છે ને આ આત્મા જ્ઞાતાદ્રવ્ય છે અર્થાત્ બીજા જીવને મારી શકે કે રાખી શકે એવો તું નથી પણ બીજા જીવને જાણનારો જ્ઞાતાદ્રવ્ય છો. પ્રભુ! તારી મોટપ કેવી?-કે તારા શ્રુતજ્ઞાનમાં અનંતા દ્રવ્યો ને પર્યાયોને જાણનારો તું છો. પણ એવો હું જ્ઞાતા છું એમ ન માનતા, હું પરનું કાંઈ કરી દઉં - એવું માનીને તેં જ્ઞાતાને મારી નાખ્યો છે. ત્રણકાળની પર્યાયો સહિત જગતના બધા પદાર્થો જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. પરંતુ એવું કોઈ જ્ઞેય નથી કે આત્માનું સુખ તેમાં હોય. પર જ્ઞેય ને આત્મા જ્ઞાતા એટલો માત્ર જ્ઞેયજ્ઞાયકનો વ્યવહાર સંબંધ છે. બધા જ્ઞેયો છે તે જ્ઞાનમાં નિમિત્ત છે ને જ્ઞાન તે બધાને જાણવા -આકારે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે. તેથી જો એ સમસ્ત જ્ઞેયને ન જાણે તો જાણવારૂપ એકરૂપ સ્વરૂપ છે તેને પણ તે જાણતો નથી. બધાને જાણવારૂપ પરિણમે છે એ ચૈતન્યરૂપે પરિણમે છે, પોતાના સ્વાનુભવપ્રત્યક્ષપણે પરિણમે છે.**

[ શ્રી પ્રવચનસાર ગાથા–૪૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જે કોઈ સર્વને જાણે નહિ તે સર્વને જાણવાનો જેનો સ્વભાવ છે એવા પોતાને જાણે નહિ એમ અહીં કહે છે.

**જાણે નહિ યુગપદ ત્રિકાળીક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.**

ગાથાર્થ :– જે એકીસાથે ત્રણે કાળના અને ત્રણે લોકના પદાર્થોને જાણતો નથી,

તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શકય નથી.

જગતના જેટલા પર્યાયો છે તેને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. આ વિશ્વમાં અર્થાત્ આ લોકાલોકમાં એક આકાશદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, અસંખ્ય કાળાણુ છે–લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે ને એક એક પ્રદેશે કાળદ્રવ્ય છે, –એ દરેક દ્રવ્યને અનંત ગુણ છે ને તેનાથી ત્રિકાળીક અનંતી પર્યાયો છે. તેવી રીતે અનંતા જીવદ્રવ્યો છે, એક એક જીવદ્રવ્યને અનંત ગુણો છે ને એક એક ગુણને ત્રિકાળીક અનંતી પર્યાયો છે. એ જીવદ્રવ્યની સંખ્યા કરતાં પુદ્ગલદ્રવ્યની સંખ્યા અનંત ગુણી છે.

વળી એ પ્રત્યેક દ્રવ્યને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા ત્રણ ભેદોવાળી નિરવધિ–મર્યાદા રહિત અનંત પર્યાયો છે. એ રીતે બધાંય એટલે કે દ્રવ્યો ને પર્યાયોનો સમૂહ તે જ્ઞેય છે. એ આત્માના છે એમ નહિ, એમાંથી કોઈ પદાર્થ આત્માના છે એમ નહિ પણ આત્મા સિવાયના બધાય પદાર્થો આત્માને જ્ઞેય છે. આ જ્ઞાનમાં જણાય એવા જ્ઞેય તરીકે એ ચીજ છે પણ તેઓ આ આત્માની ચીજ તરીકે નથી. સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો તેની અનંતી પર્યાયો સહિત જ્ઞેય તરીકે છે, મારા તરીકે નથી ને મારા માને તોપણ તેઓ મારા તરીકે થતાં નથી પણ તેઓ જ્ઞેય તરીકે છે.

અનંતા દ્રવ્યોનો સમુદાય જ્ઞેયો છે ને તેમાં જ ગમે તે એક જીવ જ્ઞાતા છે. એક કોર એક જીવ જ્ઞાતારામ ને એક કોર અનંતી પર્યાયો સહિત અનંતા દ્રવ્યો જ્ઞેય–ગામ. એક કોર રામ ને એક કોર ગામ. ત્રણકાળ ત્રણલોકને જાણનારો આત્મા જ્ઞાતાદ્રવ્ય છે. જ્ઞેયોનો સમુદાય છે તેમાં જ એક જીવ તે સર્વને જાણનાર જ્ઞાતાદ્રવ્ય છે.

અનંતા દ્રવ્યો ને પર્યાયોનો સમુદાય તે જ્ઞેય છે ને તેમાંનો જ એક જીવ જ્ઞાતા છે. એટલે કે બીજા જીવને મારી શકે કે રાખી શકે એવો જીવ નથી પણ બીજા જીવને જાણનારો જ્ઞાતા જીવદ્રવ્ય આત્મા છે. જગતના સ્ત્રી, પુત્ર, પૈસા આદિ જ્ઞેય તરીકે છે. શાસ્ત્રના પાના પણ જ્ઞેય તરીકે છે. તું લખી શકે કે ભૂંસી શકે એવું જ્ઞાનના સ્વભાવમાં નથી, એ જ્ઞેય તરીકે છે ને તું તેને જાણનારું જ્ઞાતાદ્રવ્ય છો.

તારી મોજૂદગીની હયાતી એવડી છે કે અનંતા અનંતા પદાર્થો અને તેના પર્યાયોને જાણનાર જ્ઞાતા તું છો. મંદિર બંધાય એ જ્ઞાનનું જ્ઞેય છે અને એ બંધાવવાનો વિકલ્પ ઊઠયો એ પણ જાણનારના જ્ઞેયમાં જાય છે. અનંતા દ્રવ્યો ને અનંતી પર્યાયો એ જ્ઞેયમાં જાય છે તો એમાં કયો પદાર્થ બાકી રહ્યો કે આત્મા એનું કાંઈ કરે? અનંતા પદાર્થો જ્ઞેય તરીકે છે ને પ્રભુ! તું તેનો જાણનાર જ્ઞાતા તરીકે છે, પણ એને કરે કે ફેરવે એવો તું નથી.

પ્રભુ! તારી મોટપ કેવી?–કે તારા શ્રુતજ્ઞાનમાં અનંતા દ્રવ્યો ને પર્યાયોને જાણનારો તું છો પણ એવો હું જ્ઞાતા છું એમ ન માનતા હું પરનું કાંઈ કરી દઉં–એવું માનીને જ્ઞાતાને તેં મારી નાખ્યો છે. ભૂખ્યાને આહાર આપનારો આદિ હું નથી, હું તો એ જ્ઞેયોને જાણનારો જ્ઞાતા છું. કોણ મા ને કોણ બાપ? કોણ સ્ત્રી ને કોણ પુત્ર? ભાઈ! તું તો જ્ઞાતા છો. પરનું રક્ષણ કરનાર કે ભક્ષણ કરનાર તું નથી ને તેને મારા તરીકે માનવા એવું જ્ઞેયમાં પણ નથી ને જ્ઞાતામાં–તારામાં પણ નથી. જો આ વાત ન બેસે તો એને આત્મા પણ બેઠો નથી ને પર શું છે એ પણ બેઠું નથી.

પછીની ગાથામાં એમ સિદ્ધ કરશે કે એકને જાણે તે સર્વને જાણે, અહીં તો સિદ્ધ એ કરવું છે કે સર્વને જાણે તે એકને જાણે. ત્રણકાળની પર્યાયો સહિત જગતના બધા પદાર્થો જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. પરંતુ એવું કોઈ જ્ઞેય નથી કે આ આત્માને તેમાં સુખ હોય એટલે કે કોઈ ઇષ્ટ કે અનિષ્ટ છે એવા ભેદ જ્ઞેયમાં નથી. જ્ઞેય તો જાણવા લાયક માત્ર છે, જ્ઞેયમાં ‘આ મારા છે’–એવો કોઈ જ્ઞેય પદાર્થ નથી. દીકરા, દીકરી કે જગતની સામગ્રી જ્ઞેયમાં જાય છે.

અહીં તો કેવળજ્ઞાનની વાત ચાલે છે પણ શ્રુતજ્ઞાનમાં પણ એમ છે. જગતના બધા પદાર્થો જ્ઞેય છે પણ કોઈ જ્ઞેય મારા છે એમ નથી. એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે. એ જાણવારૂપ પરિણમન પોતાનું છે ને જ્ઞેયો તેમાં નિમિત્ત છે. ભાવશ્રુતજ્ઞાનમાં વ્યવહારરત્નત્રયથી માંડીને બધોય સમુદાય જ્ઞેયમાં જાય છે. ભગવાન આત્મા સ્વભાવના લક્ષે શ્રુતજ્ઞાનપણે પરિણમે છે એ ભાવશ્રુતજ્ઞાનમાં રાગથી માંડીને આખી દુનિયા જ્ઞેય સમુદાય છે, ફક્ત શ્રુતજ્ઞાનમાં એ જ્ઞેયો પરોક્ષ છે ને કેવળજ્ઞાનમાં એ જ્ઞેયો પ્રત્યક્ષ છે.

કોઈ જીવને મારી કે જિવાડી શકું એવું જ્ઞેયમાં પણ નથી ને જ્ઞાનમાં પણ નથી. પંચપરમેષ્ઠી પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે ને જ્ઞેય છે તે જ્ઞાનની ચીજ નથી, જ્ઞેયાકારે જ્ઞાન પોતે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. વ્યવહારરત્નત્રય જ્ઞેય સમુદાયમાં જાય છે ને ભગવાન આત્મા જ્ઞાતા છે. પંચપરમેષ્ઠીથી માંડીને દુનિયા આખી પરજ્ઞેય છે. એ પરજ્ઞેયોમાં ભાગ પાડે કે આ મારા ને આ તારા એ મિથ્યાદ્રષ્ટિ છે, કેમ કે એ વસ્તુની સ્થિતિથી વિપરીત માન્યતા છે.

આહાહા! આ બધોય સમુદાય તે જ્ઞેય છે ને હું જ્ઞાતા છું. શરીરના આ રજકણો ને તેની ભૂત–ભવિષ્યની પર્યાયો જ્ઞેય છે ને હું જ્ઞાતા છું પણ આ શરીર મારું છે–એમ એ મારા તરીકે નથી, એ તો જ્ઞેય તરીકે જ છે. પર જ્ઞેય ને આત્મા

જ્ઞાતા એટલો માત્ર જ્ઞેય જ્ઞાયકનો વ્યવહાર સંબંધ છે. આ વાતને દ્રષ્ટાંત દ્વારા વિશેષ સ્પષ્ટ કરે છે :–

લાકડા, છાણા આદિ બળવાલાયક દાહ્યના આકારે પરિણમેલી છે તે અગ્નિ છે. બળવાલાયકને બાળીને બાળવા–આકારે–દાહ્યાકારે થાય છે એ અગ્નિ છે. અગ્નિ કોને કહેવી ? –કે જે સમસ્ત બળવાલાયક પદાર્થના દાહ્યાકારે પરિણમે એ અગ્નિ છે. બળવા–લાયક લાકડાદિના આકારે બળતી અગ્નિનો દાહ્યપદાર્થ નિમિત્ત છે પણ અગ્નિ તો અગ્નિથી દાહ્યકારે પરિણમી છે. તેમ જગતમાં અનંત અનંત પદાર્થો ને તેની પર્યાયો છે તેના આકારે–જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે. જો બધાને જાણવા આકારે પરિણમતો નથી તો તે એકને પણ જાણતો નથી. કેમ કે જે બળવાયોગ્ય બધા પદાર્થોને ન બાળે તે અગ્નિ ન કહેવાય તેમ જાણવાયોગ્ય સમસ્ત જ્ઞેય સમુદાયને જાણવારૂપ પરિણમતો નથી તે એકને જાણવારૂપ પરિણમતો નથી.

બધા જ્ઞેયો છે તે જ્ઞાનમાં નિમિત્ત છે ને જ્ઞાન તે બધાને જાણવા આકારે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. જગતના છ દ્રવ્યો ને તેની ત્રિકાળીક પર્યાયો તે જ્ઞેય છે ને તે જ્ઞાનમાં નિમિત્ત છે ને એ બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે. બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે ને જ્ઞાનમાં નિમિત્ત થવું એ જ્ઞેયનો સ્વભાવ છે. તેથી જો એ સમસ્ત જ્ઞેયને ન જાણે તો જાણવારૂપ એકરૂપ સ્વરૂપ છે તેને પણ તે જાણતો નથી. બધાને જાણવારૂપે પરિણમે છે એ ચૈતન્યરૂપે પરિણમે છે, પોતાના સ્વાનુભવપ્રત્યક્ષપણે પરિણમે છે.

આ પ્રમાણે ખરેખર ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞેયને અડયા વિના, જ્ઞેયની હયાતી છે માટે–એમ પણ નહિ, પોતાની જ હયાતીમાં પોતાને લઈને જ્ઞાનમાં સમસ્ત જ્ઞેયો જણાય છે–એવો જ દ્રવ્યસ્વભાવ છે. પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો તે આત્મા, જેમ સમસ્ત બળવાલાયક પદાર્થને નહિ બાળતો અગ્નિ અગ્નિરૂપ પરિણમતો નથી માટે તે અગ્નિ જ નથી તેમ, સમસ્ત જ્ઞેય જેમાં નિમિત્ત છે એવું જ્ઞેયાકારે પરિણમેલું જ્ઞાન તે પોતાનો સ્વભાવ છે પણ એવું જો પરિણમવું થતું નથી તો એ આત્મા નથી. સમસ્ત જ્ઞેયના પૂરણ જ્ઞાનપણે પરિણમતો નથી એ આત્મા નથી.

આ રીતે એમ ફલિત થાય છે કે જે સર્વ જ્ઞેય છે તેને જ્ઞાનમાં જાણતો નથી તો એ જ્ઞાન જ એનો સ્વભાવ હોવા છતાં જ્ઞાનપણે પરિણમતો નથી તો પોતે એવડો છે એવું જાણવું થતું નથી. જેમ આંધળો સૂર્યના પ્રકાશમાં પ્રકાશિત ચીજને દેખતો નથી તો તે સૂર્યને દેખતો નથી, દીવાના પ્રકાશમાં પ્રકાશિત ચીજને દેખતો નથી તો તે દીવાને

દેખતો નથી. તેમ જે આ આત્મા સમસ્ત જ્ઞેયોને જાણતો નથી–શ્રુતજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો પણ પૂરણ જાણવું એવો એનો સ્વભાવ છે છતાં જો પરિપૂર્ણપણે જ્ઞેયોને–સમસ્ત જ્ઞેયોને ન જાણે–તો એ જ્ઞાન નથી. દેવ–શાસ્ત્ર–ગુરુ કે સ્ત્રી–પુત્ર–પરિવાર કે અનંતા સિદ્ધો તે બધા જ્ઞેયોમાં કોઈ જ્ઞેય એવું નથી કે જ્ઞાનમાં ન જણાય અને કોઈ જ્ઞેયને ન જાણે એવું જ્ઞાન નથી. તેથી જો સમસ્ત જ્ઞેયોને પોતાથી જાણવાપણે ન પરિણમે તો એ જ્ઞાન જ નથી. સમસ્ત જ્ઞેયાકારે પરિણમતું નથી એટલે કે અધૂરારૂપે પરિણમે છે પણ પરિપૂર્ણપણે પરિણમવું એવું જ્ઞાનનું સ્વરૂપ હોવા છતાં પરિપૂર્ણપણે પરિણમતું નથી માટે તે આત્મા પોતાપણે જ પૂર્ણપણે પરિણમતો નથી તેથી પોતાને જ પૂર્ણ રીતે જાણતો નથી. એ રીતે એમ સિદ્ધ થયું કે સર્વને જાણતો નથી તે એકને–પોતાને જ જાણતો નથી.

[ પોતાના જ પરિણામનો કર્તા–ભોક્તા............પેજ ૮ થી ચાલુ ]

–અંતમાં તું જ છો. આદિમાં ભગવાનની ભક્તિ–સ્તુતિ હતા માટે સમ્યગ્દર્શન થયું એમ નથી પણ સમ્યગ્દર્શનના આદિ–મધ્ય–અંતમાં જીવ જ પોતે છે.

રાગને કરવામાં ને રાગના અભાવને કરવામાં જીવ જ પોતે પ્રતિભાસો, પણ તે કર્મને કરે એમ ન પ્રતિભાસો. રાગને કરતો ને રાગના અભાવને કરતો જીવ પ્રતિભાસો પણ જીવ કર્મને બાંધે ને કર્મને છોડે એમ ન પ્રતિભાસો.

વળી તેવી રીતે કર્મ ભાવક ને જીવ વિકારી ભાવનો ભોક્તા એટલે કે કર્મ ભાવક ને આત્માના સુખદુઃખની કલ્પનાના ભાવ તે ભાવ્ય એવા ભાવકભાવ્યભાવનો અભાવ છે. તેથી કર્મનું આત્મા વડે અનુભવવાવું અશક્ય હોવાથી એટલે કે જીવ રાગને ભોગવતો પ્રતિભાસો પણ પરને અનુભવતો ન પ્રતિભાસો. સંસારદશામાં દુઃખને ને મોક્ષદશામાં આનંદને અનુભવતો પ્રતિભાસો. પણ કર્મને કે શરીરને આત્મા અનુભવતો ન પ્રતિભાસો.

એ રીતે જીવ પોતાના જ પરિણામનો કર્તા–ભોક્તા છે પણ કર્મ કે શરીરાદિ પરદ્રવ્યનો કર્તા–ભોક્તા નથી.

# મરણનો સમય આવ્યા પહેલા....

અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહીં તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી, અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મપ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહીં, અરેરે! મનુષ્યભવ એળે ગયો! એમ તે પસ્તાય પણ શા કામનું? મરણસમયે તેને કોનું શરણ છે? તે રોગની, વેદનાની, મરણની એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.

ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિસમયે તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે-જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાંતિનો અખૂટ નિધિ છે. તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

તું મરણનો સમય આવ્યા પહેલા ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત-વિપત્તિસમયે વિશેષ શરણભૂત થનાર-એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. ૪૦૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય, ગાંડા હાથી દ્વારા વૃક્ષ ઉખેડી નાખવાથી કે કાળા-સફેદ ઉંદર દ્વારા ડાળ કપાઈ જવાથી, ભયંકર અજગર ને ચાર સર્પોવાળા કૂવામાં પડવાના ભયનું દુર્લક્ષ સેવીને, મધના ટીપાંની તીવ્ર લાલસાથી વિદ્યાધરની સહાયની અવગણના કરે છે, તેમ અજ્ઞાની જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોનાં કલ્પિત સુખની લાલસામાં રહીને, ગુરુનો ઉપદેશ મળ્યો કે આ લાલસા છોડી દે, આ રાગની મીઠાશમાં ૮૪ લાખ યોનિના ઊંડે કૂવે ક્યાં જઈશ?-માટે આ લાલસા છોડી દે, ને શુદ્ધાત્માની રુચિ કર; પણ ગુરુના ઉપદેશની અવગણના કરે છે.

અજ્ઞાની જીવ વિષયોના કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહીને એટલે કે પાંચ ઇન્દ્રિયના વિષયોની લાલસામાં રહીને, જેમાં રાગાદિ તો નથી પણ ક્ષાયિકભાવની પર્યાય પણ નથી એવા શુદ્ધાત્માની રુચિ કરવી એવો ધર્માત્મા ગુરુનો ઉપદેશ અવગણીને શુદ્ધાત્માની રુચિ કરતો નથી. એક સમયમાં ધ્રુવ પરિપૂર્ણ કે જેમાં પર્યાયનો પણ ભાવ નથી એવા શુદ્ધાત્માને દૃષ્ટિમાં, રુચિમાં, પોષાણમાં લેવો જોઈએ-એ કરતો નથી ને આટલું ભણી લઉં, આટલું વાંચી લઉં, દીકરા-દીકરીને પરણાવી લઉં આદિ આટલું કરી લઉં, આટલું કરી લઉં-એમ પ્રવૃતિના રસમાં લીન રહે છે. પ્રવૃતિ એટલે પુણ્ય-પાપના ભાવમાં લીન રહીને, જે કાંઈ કરવા જેવું મુખ્ય છે એ-શુદ્ધાત્માની રુચિ-કરતો નથી ને બહારની પ્રવૃતિના પ્રસંગોમાં રોકાઈ જાય છે.

બહારની પ્રવૃતિના પ્રસંગમાં-શુભાશુભ ભાવના હરખ શોકમાં અજ્ઞાની રોકાઈ ગયો ને ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્માની દૃષ્ટિ કરવાના ઉદ્યમ માટે વખત મેળવતો નથી. હજી અમે યુવાન છીએ, હમણા અમારે ધર્મ કરવાને વાર છે, પછી કરીશું, પછી કરીશું-એમ બહારમાં રોકાઈને પરમ પદાર્થ નિજ પરમાત્મા તેની પ્રતીતિનો વખત મેળવતો નથી ને ત્યાં તો મરણનો વખત આવી પહોંચે છે. તે વખતે 'અરેરે! મેં કાંઈ કર્યું નહીં, આવો મનુષ્યભવ મળ્યો ને ગુરુનો ઉપદેશ પણ મળ્યો પણ મેં કાંઈ કર્યું નહીં, મારો ભવ એળે ગયો, ખલાસ થઈ ગયો'-એમ પસ્તાય, પણ એ શા કામનું?

આ શુદ્ધાત્મા કે જે રાગ વિનાનો ને એક સમયની પર્યાય વિનાનો છે તેની રુચિ ને પ્રતીતિ માટે વખત મેળવતો નથી ને બહારની મોટાઈ ને ઉદ્યોગ આદિમાં રોકાઈ ગયો ને એમાં ને એમાં મરણનો વખત આવી ગયો, ત્યારે પસ્તાય તોપણ શા કામનું? એકલું આનંદનું દળ કે જેમાં વર્તમાન પર્યાયનો અભાવ છે તેની પ્રતીતિ માટે વખત મેળવ્યો નહીં ને એમ ને એમ જગતના જીવો જિંદગી ગૂમાવે છે અરેરે!

ગુરુએ એટલે કે જિનેશ્વરદેવે એમ કહ્યું કે તું પૂર્ણાનંદનો નાથ છો તેના તરફ

જા ને તેની દ્રષ્ટિ કર તો તારા જન્મ–મરણ ટળશે. પણ પછી કરીશ, પછી કરીશ–એમાં ને એમાં રહી ગયો ને મરણટાણું આવતાં પસ્તાય કે અરેરે! મેં કાંઈ કર્યું નહીં ને મારો આ મનુષ્યભવ એળે ગયો!–એમ પસ્તાય તોપણ દેહ છૂટવાના ટાણે શા કામનું? એ મરણ સમયે તેને કોનું શરણ? અબજો રૂપિયા ભેગા કરવામાં કે સ્ત્રી–પુત્ર આદિ ને પાળવા–પોષવામાં ભવ ગાળ્યા પણ એનું તને શરણ નહીં મળે. રોગની, દેવનાની, મરણની એકત્વબુદ્ધિથી આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે ને દુર્લભ ભવ હારીને ચાલ્યો જાય. લાખોકરોડો રૂપિયા ભેગા કરવામાં કાળ ગુમાવીને મરણ ટાણે રોગ, વેદના ને મરણની એકત્વબુદ્ધિથી આર્તધ્યાનની ભીંસમાં ભિસાઈને ૮૪ લાખ યોનિના ભવસમુદ્રમાં રખડવા ચાલ્યો જાય છે. અરેરે!

રાગમાં સ્ત્રી–પુત્રમાં કે પૈસામાં નજરબંધી કરીને ભવ હારી જાય છે. ભગવાન આત્માની નજરબંધી કરવી જોઈએ એ કરતો નથી ને મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે. ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી. કેમ કે ધર્મીની દ્રષ્ટિમાં નિજ દોલત દેખાઈ ગઈ છે, તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. તેથી ધર્માત્મા વિપત્તિના ઘેરાવામાં, પ્રતિકૂળતાના ગંજમાં પણ અંદર આત્મામાંથી શાંતિ મેળવી લે છે.

ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં આત્મા જણાયો છે તેથી હંમેશા થોડી શાંતિ તો હોય છે પણ વિકટ પ્રસંગે બહારથી ખસીને અંદરમાં નિજ શુદ્ધાત્માનો વિશેષ આશ્રય કરે છે, નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. પ્રતિકૂળતાના ટાણે ધર્મી નિજ ભગવાનની ઓથે જાય છે, વિશેષ આશ્રય લે છે. મરણ, રોગ, વેદના આદિના કાળે ધર્મી જીવ અતીન્દ્રિય આનંદના સરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારે છે. અનાદિ અનંત એવી જે શાશ્વત વસ્તુ છે તેમાં સુખ ભર્યું છે, એ નિજ સુખ સરોવરમાં ધર્મી જીવ મરણાદિ સમયે વિશેષ વિશેષ ડૂબકી મારે છે કે જ્યાં રોગ, વેદના કે મરણ નથી પણ શાંતિનો અખૂટ ખજાનો છે. ગમે તેટલી શાંતિ બહાર કાઢો તોપણ ખૂટે નહીં એવો શાંતિનો અખૂટ ખજાનો છે.

દેહ છૂટવા ટાણે ધર્મી શાંતિપૂર્વક દેહ છોડે છે. દેહ છૂટવા ટાણે શુદ્ધાત્માના વિશેષ આશ્રયપૂર્વક ધર્મી શાંતિથી દેહ છોડે છે. તેનું જીવન સફળ છે, જેણે આનંદના નાથને અનુભવ્યો ને મરવા ટાણે આનંદના નાથમાં વિશેષ જઈ શાંતિપૂર્વક દેહ છોડયો. તેનું જીવન સફળ છે, તેનો બહુ અલ્પકાળમાં મોક્ષ થવાનો.

તું મરણસમય આવ્યા પહેલા ચેતી જા, સાવધાન થા. જે સદાય મોજૂદગીરૂપ ચીજ છે, સદાય શરણભૂત છે ને જે વિપત્તિકાળે તો વિશેષ શરણભૂત થાય છે એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર, અંદર નિરાળો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તે સદાય શરણભૂત છે ને વિપત્તિ વખતે તો વિશેષ વિશેષ શરણભૂત થનાર છે–એવા શુદ્ધાત્માને અનુભવવાનો ઉદ્યમ કર.

# જ્ઞાતા ઉપર નજર કર, મોક્ષના પ્રયાણ ચાલુ થશે

**અનંત કાળથી જીવ ભ્રાંતિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થનાં કાર્ય તે બિલકુલ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે, પુદ્‌ગલનાં પુદ્‌ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે, જીવ તેમને ફેરવી શકતો નથી. ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી**

**તું જ્ઞાયકસ્વભાવી છે. પૌદ્‌ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને-શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે. ૪૧૧.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અનંતકાળથી જીવને ભ્રાંતિ છે કે શરીરના કાર્ય, આહાર–પાણીની ક્રિયા હું કરી શકું છું એમ માને છે પણ પર પદાર્થના કાર્યને જીવ બિલકુલ કરી શકતો નથી. કેમ કે છ– દ્રવ્યો જ્ઞેય છે તેની તે સમયે તે તે અવસ્થા થાય છે તે તેના ઉત્પત્તિના કાળથી થાય છે, નિમિત્તથી કે પરથી થતી નથી. પરની અપેક્ષા રાખ્યા વિના તે તે કાળે તે તે દ્રવ્યની પર્યાય સ્વતંત્રપણે થાય છે. ખરેખર તો તેના ગુણ કે દ્રવ્યની પણ અપેક્ષા વિના તે તે કાળે તે તે પર્યાય થાય છે.

દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવના કર્તા–કર્મ–ક્રિયા જીવમાં છે. જીવના એટલે કે જીવની પર્યાયના કર્તા–કર્મ–ક્રિયા આદિ છ કારકો પર્યાયમાં છે, પરના લઈને નથી. તેવી રીતે જે અનંત પરમાણુઓ જ્ઞેય છે તેનું પરિણમન પરમાણુમાં છે. રંગ–ગંધ

આદિપણે પુદ્‌ગલની પર્યાય પરિણમે છે. જીવ તેમને ફેરવી શકતો નથી. શરીરના સ્પર્શ,રસ,ગંધ જે સમયે પરિણમે છે તેને જીવ ફેરવી શકતો નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયરૂપે થાય છે, ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ ભાવ પોતાની વર્તમાન સ્વપર પ્રકાશ પર્યાયપણે પરિણમે છે તે પોતાના ષ્ટકારકોથી પરિણમે છે તેમાં બીજા દ્રવ્યો કંઈ કરી શકતા નથી.

તું જ્ઞાયકસ્વભાવી છો. શરીર–વાણીથી તો તું જુદો જ છે પણ હિંસા–જૂઠું આદિ કે દયા–દાન આદિના ભાવપણે થવું એ કાંઈ તારું સ્વરૂપ નથી, અજ્ઞાનને લીધે તેં શરીર આદિ પરમાં તેમ જ શુભાશુભરૂપ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે. એકત્વપણું છે નહીં પણ તેં અજ્ઞાનથી તેમાં એકત્વબુદ્ધિ કરી છે. તું તો રાગથી નિરાળો છે. જ્ઞાયકસ્વભાવ ભગવાન એ તો રાગથી ત્રિકાળ નિરાળો જ છે. પણ તને સ્વરૂપનું જ્ઞાન નથી તેથી રાગના અસ્તિત્વને માન્યું હોવાથી તેં ત્યાં એકત્વબુદ્ધિ કરી છે, જ્ઞાયકસ્વરૂપના અજ્ઞાનને લઈને રાગમાં એકત્વબુદ્ધિ કરે છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.

જ્ઞાયક ધ્રુવ સત્ છે તેના અજ્ઞાનને લઈને તેમાં જે છે નહીં એવા રાગાદિમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિને છોડ. તું જ્ઞાતા થઈ જા. તારું સ્વરૂપ જ જાણવું–દેખવું તે છે. તું પોતે જ જ્ઞાતા–દ્રષ્ટા ને તું પોતે જ જ્ઞેય છે. જ્ઞાતા પણ તું, જ્ઞાન પણ તું ને જ્ઞેય પણ તું છો–એને તું જાણ. જ્ઞાતા તો છો જ પણ પર્યાયમાં જાણનારો થઈ જા. દયા–દાન આદિના રાગની એકત્વબુદ્ધિ એ મિથ્યા ભ્રાંતિ છે, એ મિથ્યાત્વમાં અનંત સંસારનો ગર્ભ અંદર પડયો છે.

ભગવાન ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે, એ શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કર, ધારણા કરી લેવી એમ નહીં પણ જેવો પદાર્થ છે તેવી યથાર્થ પ્રતીતિ કર. પર્યાયનું લક્ષ પર ઉપર હતું એ લક્ષને ફેરવીને દ્રવ્ય–સ્વભાવનું લક્ષ કર. વસ્તુ તો છે તે જ છે, પણ તેની પર્યાયનું લક્ષ રાગ તરફ હતું તેથી રાગના હોવાપણામાં શ્રદ્ધા રોકાઈ હતી, તે હવે છોડ. શી રીતે ? –કે ત્યાંથી લક્ષ છોડ ને દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ કર.

શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને એટલે કે શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ કરીને એટલે કે દ્રષ્ટિમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેને દ્રષ્ટિમાં જાણીને જ્ઞાયકની પરિણતિ પ્રગટાવ જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે. મુક્તિ એટલે અનંત આનંદનો આત્મલાભ. એવી મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે.

તું જાણકસ્વભાવ ત્રિકાળી જ્ઞાયક ભગવાન છો. રાગની એકત્વપરિણતિ છોડીને તું જ્ઞાયકપરિણતિને પ્રગટાવ જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે. તારી પ્રભુતા પૂરણ છે ને પર્યાયમાં પ્રભુતાના પ્રયાણ ચાલુ થશે. અનંત ગુણોની પ્રભુતાનો પ્રભુ જ્ઞાયક ભાવ છે, તેના ઉપર નજર પડતાં તને મુક્તિના પ્રયાણ ચાલુ થશે, શરૂ થશે ને શરૂ થશે તે પૂરણ થશે.

* * *

# * ક્રમબદ્ધપર્યાયઃ એક અનુશીલન *

[ ગતાંકથી ચાલુ ]

જિનાગમમાં અનેક સ્થાનો પર આ પ્રકારનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે :–

"જેને, જ્યાં, જે કારણે, જે પ્રકારે, જે વસ્તુ પ્રાપ્ત થવાની હોય છે; તેને, ત્યાં, તે જ કારણે, તે જ પ્રકારે, તે જ વસ્તુ અવશ્ય પ્રાપ્ત થાય છે."[1]

"જો-જો દેખી વીતરાગને, સો-સો હોસી વીરા રે;
બિન દેખ્યો હોસી નહિં કયોં હી, કાહે હોત અધીરા રે.
સમયો એક બઢૈ નહિં ઘટસી, જો સુખ-દુખકી પીરા રે;
તૂ કયોં સોચ કરૈ મન કૂડો, હોય વજ્ર જ્યોં હીરા રે."[2]

"જા કરિ જૈસૈં જાહિ સમયમેં, જો હોતણ (ભવિતવ્યતા) જા દ્વાર;
સો બનિ હૈં ટરિ હૈ કછુ નાહીં, કરિ લીનોં નિરધાર.
હમકો કછુ ભય નારે, જાન લિયો સંસાર. ટેક."[3]

"સમ્યગ્દ્રષ્ટિને એવો વિચાર હોય છે–જે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જેવું જાણ્યું છે, તેવું નિરંતર પરિણમે છે; તેમ થાય છે. ઇષ્ટ–અનિષ્ટ માનીને દુઃખી–સુખી થવું નિષ્ફળ છે. એવા વિચારથી દુઃખ મટે છે, એ પ્રત્યક્ષ અનુભવગોચર છે."[4]

ઉક્ત પ્રકરણોમાં પ્રાયઃ બધે જ સર્વજ્ઞના જ્ઞાનને આધાર માનીને ભવિષ્યને નિશ્ચિત નિરૂપવામાં આવેલ છે અને તેના આધારે અધીર ન થવાનો અને નિર્ભય રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. સ્વામી કાર્તિકેયે તો આવી શ્રદ્ધાવાળાને જ સમ્યગ્દ્રષ્ટિ જાહેર કર્યા છે અને આ રીતે ન માનનારને મિથ્યાદ્રષ્ટિ કહેવામાં પણ તેમને જરાય સંકોચ નથી થયો.

આ રીતે આપણે જોઈએ છીએ કે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિમાં સર્વજ્ઞતા સૌથી બળવાન હેતુ છે.

ઉત્પન્ન થયેલ પર્યાયોની ક્રમબદ્ધતાનો સ્વીકાર કરવામાં તો જગતને કોઈ બાધા જણાતી નથી, પરંતુ જ્યારે નહિ ઉત્પન્ન થયેલ ભાવી પર્યાયોને પણ નિશ્ચિત કહેવામાં આવે છે ત્યારે જગત ચોંકી જાય છે. તેને લાગે છે કે જો બધુંય નિશ્ચિત જ હોય તો

૧. આચાર્ય રવિષેણ : પદ્મપુરાણ, સર્ગ ૧૧૦, શ્લોક ૪૦.
૨. ભૈયા ભગવતીદાસ : અધ્યાત્મપદ સંગ્રહ, પૃષ્ઠ ૮૧.
૩. બુધજન : અધ્યાત્મપદ સંગ્રહ, પૃષ્ઠ ૭૯.
૪ પં. જયચંદજી છાવડા : મોક્ષપાહુડ, ગાથા ૮૬ નો ભાવાર્થ,

પછી અમારું આ કરવું–કરાવવું બધું નકામું છે. કર્તૃત્વના અભિમાનના જે દીવાલને તે નક્કર આધાર માનીને ઉભો હતો, અભિમાન કરતો હતો; તે જ્યારે ધસી પડતી દેખાય છે, ત્યારે એકદમ મુંઝાઈ જાય છે. તેની મૂંઝવણ ત્યાંસુધી વધે છે કે જેવા સર્વજ્ઞ ભગવાનને અને તેમની સર્વજ્ઞતાને તે અત્યાર સુધી હૃદયથી (બુદ્ધિથી નહીં) સ્વીકારતો હતો–તેના પ્રત્યે પણ શંકિત થઈ જાય છે, તેનો પણ વિરોધ કરવા લાગે છે.

અત્યાર સુધી સર્વજ્ઞની સત્તા સ્વીકારતો રહ્યો છે, તેથી એકદમ તો તેની ના પાડી શકતો નથી, તેથી સર્વજ્ઞતાની વ્યાખ્યાઓ બદલવા માંડે છે. કોઈ વાર કહે છે કે તેઓ ભૂતકાળ અને વર્તમાનને તો જાણે છે, પણ ભવિષ્યને નહિ; કારણ કે ભૂતકાળમાં તો જે કાંઈ થવાનું હતું તે થઈ ગયું અને વર્તમાનમાં થઈ રહ્યું છે. તેથી તેમને જાણવામાં તો કાંઈ આપત્તિ નથી; પણ ભવિષ્યની ઘટનાઓ જ્યારે અત્યારે બની જ નથી તો તેમને જાણે શું? કોઈ વાર કહે છે કે ભવિષ્યને જાણે તો છે, પરંતુ શર્ત સહિત જાણે છે. જેમ કે –જે પુણ્ય કરશે તે સુખી થશે અને જે પાપ કરશે તે દુઃખી થશે. જે વાંચશે તે પાસ થશે અને જે નહિ વાંચે તે પાસ નહિ થાય–આદિ કોણ જાણ કેટલાય રસ્તા કાઢે છે.

પણ તેનો આ અથાગ પ્રયાસ નિષ્ફળ જ રહે છે, કારણ કે કોઈ રસ્તો છે જ નહિ તો નીકળે ક્યાંથી? એ કેવી રીતે બની શકે કે તે સર્વજ્ઞને તો માને, પણ ભવિષ્યજ્ઞને નહિ. સર્વજ્ઞનો અર્થ ત્રિકાળજ્ઞ થાય છે. જે ભવિષ્યને ન જાણી શકે તે સર્વજ્ઞ કેવા? સર્વજ્ઞની વ્યાખ્યા તો એવી છે કે જે સર્વને જાણે તે સર્વજ્ઞ. કહ્યું પણ છે :–

**"सर्वद्रव्यपर्यायेषु केवलस्य"**

"કેવળજ્ઞાનનો વિષય તો સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રણ કાળ સંબંધી સમસ્ત પર્યાયો છે"[1]

જે કાંઈ થઈ ગયું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થવાનું છે; સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો તે બધું વર્તમાનવત્ સ્પષ્ટ ઝળકે છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા કરતાં શ્રી પૂજ્યપાદ આચાર્ય લખે છે :–

"સર્વ દ્રવ્યોની પૃથક–પૃથક ત્રણે કાળે થનારી અનંતાનંત પર્યાયો છે. આ બધામાં કેવળજ્ઞાનની પ્રવૃત્તિ હોય છે. એવું ન કોઈ દ્રવ્ય છે અને ન પર્યાય–સમૂહ છે કે જે કેવળજ્ઞાનના વિષયથી બહાર હોય. કેવળજ્ઞાનનું માહાત્મ્ય અપરિમિત છે, એ જ વાતનું જ્ઞાન કરાવવા માટે સૂત્રમાં '**सर्वद्रव्यपर्यायेषु**' કહ્યું છે."[2]

---

૧. આચાર્ય ઉમાસ્વામી : તત્ત્વાર્થ સૂત્ર, અ. ૧, સૂત્ર ૨૯
૨. સર્વાર્થસિદ્ધિ, અ. ૧, સૂત્ર ૨૯ ની ટીકા.

એ જ રીતે ભવિષ્યનું જ્ઞાન થવું તો માને, પણ ભવિષ્ય નિશ્ચિત હોવાનું ન માને, એ કેવી રીતે સંભવે? એવું તો સર્વ સાધારણ જનો પણ કહી શકે છે કે જે વાંચશે તે પાસ થશે. એમાં સર્વજ્ઞ જ્ઞાનની દિવ્યતા ક્યાં રહી?

શ્રી કુંદકુંદાચાર્ય કહે છે :–

“જો અનુત્પન્ન (ભવિષ્યની) અને વિનષ્ટ (ભૂતની) પર્યાય સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યક્ષ ન હોય તો તે જ્ઞાનને દિવ્ય કોણ કહે?”[૧]

ધવલા પુસ્તક ૬ માં આ જ વાત આ રીતે વ્યક્ત કરેલ છેઃ–

**“णट्ठाणुप्पण्ण अत्थाणं कधं तदो परिच्छेदो। ण, केवलत्तादो बज्झत्थावेक्खाए विणा तदुप्पत्तीए विरोहाभावा।**

પ્રશ્ન :–જે પદાર્થ નષ્ટ થઈ ગયા છે અને જે પદાર્થ હજી ઉત્પન્ન નથી થયા તેમનું કેવળજ્ઞાનથી કેવી રીતે જ્ઞાન થઈ શકે?

ઉત્તર :–ના, કેમ કે કેવળજ્ઞાન સહાય–નિરપેક્ષ હોવાથી બાહ્ય પદાર્થોની અપેક્ષા વિના તેમના (વિનષ્ટ અને અનુત્પન્નના) જ્ઞાનની ઉત્પત્તિમાં કોઈ વિરોધ નથી.[૨]

શ્રી અમૃતચન્દ્રાચાર્યે સર્વજ્ઞા દ્વારા સમસ્ત જ્ઞેયોને એક ક્ષણમાં સમ્પૂર્ણ ગુણ અને પર્યાયો સહિત અત્યંત સ્પષ્ટરૂપે પ્રત્યક્ષ જાણવાની ચર્ચા આ રીતે કરી છે :–

“એક જ્ઞાયકભાવનો સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતાં અનંત, ભૂત–વર્તમાન–ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળા, અગાધસ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને–જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, ચિતરાઈ ગયા હોય, અંદર પ્રવેશી ગયા હોય, જડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિંબિત થઈ ગયા હોય, એ રીતે–એક ક્ષણમાં જ જે (શુદ્ધાત્મા) પ્રત્યક્ષ કરે છે....”[૩]

“અથવા અતિ વિસ્તારથી બસ થાવ–જેનો અનિવાર ફેલાવ છે, એવું પ્રકાશમાન હોવાથી ક્ષાયિકજ્ઞાન અવશ્યમેવ, સર્વદા, સર્વત્ર સર્વથા, સર્વને જાણે છે.”[૪]

ભગવતી આરાધનામાં સર્વજ્ઞની ત્રિકાળજ્ઞતાનો સ્પષ્ટ ઉલ્લેખ આ રીતે છે :–

“તે (સિદ્ધ પરમેષ્ઠી) સર્વ દ્રવ્યો અને તેમની પર્યાયોથી ભરેલા આખાય જગતને ત્રણે કાળે જાણે છે. તોપણ તેઓ મોહરહિત જ રહે છે. (૨૧૪૧)”

૧. પ્રવચનસાર, ગાથા ૩૯
૨. જૈનેન્દ્ર સિદ્ધાંતકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૧૫૧.
૩. પ્રવચનસાર, ગાથા ૨૦૦ ની તત્ત્વપ્રદીપિકા ટીકા.
૪. પ્રવચનસાર, ગાથા ૪૭ ની તત્ત્વપ્રદીપિકા ટીકા.

એ જ જાતનો ભાવ શ્રી અમિતગતિ આચાર્યે યોગસારમાં પણ વ્યક્ત કર્યો છે :–

“ભૂત અને ભાવી સમસ્ત પદાર્થ જે રૂપે પોત–પોતાના કાળે વર્તમાન રહે છે, તેમને પણ કેવળજ્ઞાન તે જ રૂપે જાણે છે.”[1]

સર્વજ્ઞતાની સિદ્ધિ શ્રી સમન્તભદ્ર આચાર્યે આપ્તમીમાંસામાં, શ્રી અકલંકદેવ આચાર્યે તેની ટીકા અષ્ટશતીમાં અને શ્રી વિદ્યાનન્દી આચાર્યે અષ્ટસહસ્ત્રીમાં વિસ્તારથી કરી છે. એક રીતે આખુય ન્યાયશાસ્ત્ર જ સર્વજ્ઞતાની સિદ્ધિમાં સમર્પિત છે. છતાં પણ જ્યારે ન્યાયવિષયક અનેક પદવીઓથી વિભૂષિત વિદ્વાનો સર્વજ્ઞતામાં પણ આશંકા વ્યક્ત કરવા લાગે છે અથવા તેની નવી નવી વ્યાખ્યાઓ પ્રસ્તુત કરવા લાગે છે, ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

સર્વજ્ઞ ભગવાનનું ભવિષ્ય સંબંધી જ્ઞાન ‘વાંચશે તો પાસ થશે’ ના રૂપમાં અનિશ્ચયાત્મક ન હોતાં ‘આ વાંચશે અને અવશ્ય પાસ થશે’ અથવા ‘નહિ વાંચે અને પાસ પણ નહિ થાય’ ના રૂપે નિશ્ચયાત્મક હોય છે. ભવિષ્યને નિશ્ચિત માનવામાં અજ્ઞાનીને વસ્તુની સ્વતંત્રતા ખંડિત થતી જણાય છે. પણ તેનું ધ્યાન આ તરફ નથી જતું કે ભવિષ્યને અનિશ્ચિત માનતાં જ્યોતિષ આદિ નિમિત્તજ્ઞાન કાલ્પનિક સિદ્ધ થશે, જ્યારે સૂર્યગ્રહણ આદિની જાહેરાત તો વર્ષો પહેલા કરી દેવામાં આવે છે અને તે સત્ય નીકળે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યય જ્ઞાન પણ પોતાની સીમામાં ભવિષ્યને જાણે જ છે. લાખો વર્ષ પછીના ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી સર્વજ્ઞ–કથિત જિનાગમ ભર્યા પડયા છે અને તે બધી ઘોષણાઓ ‘આમ જ થશે’ની ભાષામાં છે. સર્વજ્ઞની ભવિષ્યજ્ઞતાનો ઇન્કાર કરવાનો અર્થ સમસ્ત જિનાગમને તિલાંજલિ દેવાનો થશે.

જો ‘ક્રમબદ્ધપર્યાય’ની વાત પહેલા આપણા ધ્યાન ઉપર ન આવી અને તે આ યુગમાં એક એવી વ્યક્તિના માધ્યમથી રજુ થઈ કે જેમને આપણે કોઈ કારણવશે પસંદ નથી કરતા તો એનો અર્થ એવો તો ન થવો જોઈએ કે આપણે સર્વજ્ઞની ભવિષ્યજ્ઞતાનો પણ ઇન્કાર કરી આપણા પગ ઉપર જ કુહાડી મારી બેસીએ. આ આત્મઘાતક પગલું ઉપાડતા પહેલા વિચારક વર્ગને એકવાર ફરી વિચાર કરી લેવાનો અનુરોધકપૂર્વક આગ્રહ કરીએ છીએ.

અત્યંત સ્પષ્ટ ઉક્ત આગમ પ્રમાણો અને અકાવ્ય યુક્તિઓથી આઘાત પામેલા કેટલાક લોકો આ પ્રબળ પ્રહારોથી બચવા માટે નિયમસાર ગાથા ૧૫૯ નો આશ્રય લે છે, કે જે આ રીતે છે :–

---

૧. યોગસાર, અ. ૧, છંદ ૨૮

"વ્યવહારનયથી કેવળી ભગવાન સર્વ જાણે છે અને દેખે છે; નિશ્ચયનયથી કેવળજ્ઞાની આત્માને જાણે છે અને દેખે છે."

પરમાત્મપ્રકાશમાં પણ આ પ્રકારનું કથન આવે છે :–

"હું તે સિદ્ધોને વંદન કરું છું–જે નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે અને વ્યવહારનયથી લોકાલોકને સંશયરહિત પ્રત્યક્ષ દેખતા થકાં સ્થિર રહ્યા છે."[1]

ઉક્ત કથનોના આધારે તે લોકો કહે છે કે કેવળી ભગવાન પરને તો વ્યવહારથી જાણે છે, નિશ્ચયથી તો જાણતા નથી; અને વ્યવહાર અસત્યાર્થ છે–જેમ કે સમયસાર ગાથા ૧૧ માં કહ્યું છે :–

**"ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।"**

"વ્યવહાર અભૂતાર્થ છે અને નિશ્ચયનય ભૂતાર્થ છે."

આ રીતે જ્યારે કેવળી ભગવાન પરને જાણતા જ નથી, તો પછી સમસ્ત દ્રવ્યોની ભવિષ્યની પર્યાયોને જાણવાની વાત જ ક્યાં રહે છે?

પરંતુ તેમનું આ કથન પણ પૂર્વાપર–વિચાર રહિત છે. કેમ કે એક તો પરને ન જાણવાથી પરના ભવિષ્યને ન જાણવાની વાત કહેવી એ તો કાંઈક સમજવામાં પણ આવી શકે છે, પણ પોતાના ભવિષ્યનેય નથી જાણતા એ કેવી રીતે સિદ્ધ થશે? તેથી એ સિદ્ધ થઈ શકતું નથી કે તેઓ ભવિષ્યને જાણતા નથી.

બીજી સર્વથી અધિક મહત્ત્વની વાત એ છે કે તેમણે ઉક્ત કથનોના મર્મ ઉપર ધ્યાન જ આપ્યું નથી. જો ઉક્ત કથનોને પૂર્વાપર સારી રીતે જોઈ લેવામાં આવે તો બધું જ સ્પષ્ટ થઈ જાય છે.

ઉક્ત સંપૂર્ણ કથન '**स्वाश्रितो निश्चयः, पराश्रितो व्यवहारः**' સ્વાશ્રિત કથનને નિશ્ચય અને પરાશ્રિત કથનને વ્યવહાર કહે છે–આ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. જેમ કે નિયમસારની ઉક્ત ગાથાની સંસ્કૃત ટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

જેમાં 'સ્વ' ની જ અપેક્ષા હોય, તે નિશ્ચયકથન છે અને જેમાં 'પર' ની અપેક્ષા આવે, તે વ્યવહારકથન હોય છે. તેથી કેવળી ભગવાન પોતાના આત્માને દેખે–જાણે છે –આ નિશ્ચયકથન થયું અને તેઓ પરને દેખે–જાણે છે–આ વ્યવહારકથન થયું; ઉક્ત કથનનું તાત્પર્ય માત્ર એટલું છે. તેઓ પરને વ્યવહારથી જાણે છે–એનો અર્થ એ કદાપિ નથી કે તેઓ પરને જાણતા જ નથી. [ ક્રમશઃ ]

૧. પરમાત્મપ્રકાશ, અધિકાર ૧, દોહા ૫.




પ્રશ્ન :–રાગ–દ્વેષને જીવની પર્યાય કહી છે અને વળી તેને નિશ્ચયથી પુદ્ગલના પરિણામ કહ્યાં છે તો અમારે નક્કી શું કરવું ?

ઉત્તર :–રાગ–દ્વેષ છે તો જીવના પરિણામ, પણ એ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી અને જીવનો સ્વભાવભાવ ન હોવાથી સ્વ–ભાવની દ્રષ્ટિ કરાવવા પુદ્ગલના લક્ષે થતાં હોવાથી રાગ–દ્વેષને પુદ્ગલના કહ્યાં છે. કેમ કે નિમિત્તને આધીન થઈને થતાં ભાવને નિમિત્તના–પુદ્ગલના ભાવ છે તેમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :–પ્રથમ ભૂમિકામાં જિજ્ઞાસુએ રાગદ્વેષના ભાવને પોતાના માનવા કે પુદ્ગલના ભાવ છે તેમ શ્રદ્ધા કરવી ?

ઉત્તર :–જિજ્ઞાસુએ રાગાદિ ભાવો પોતામાં પોતાના અપરાધથી થાય છે તેમ જ્ઞાન કરીને, શ્રદ્ધામાં કાઢી નાખવા કે એ પરિણામ મારા સ્વભાવમાં નથી.

પ્રશ્ન :–પરદ્રવ્યના કાર્ય ભલે કરી શકતો નથી પણ અણાશક્તિભાવે પરને સુખી કરીએ, સગવડતા આપીએ તો ?

ઉત્તર :–પરને હું સુખી કરી શકું છું, અનુકૂળતા આપી શકું છું એ દ્રષ્ટિ જ મિથ્યાત્વની ભ્રમણા છે. પરને સુખી કરી શકું પરને લાભ કરાવી દઊં એ કર્તાબુદ્ધિનું અભિમાન છે, અણાશક્તિ નથી.

પ્રશ્ન :–આપ શુભભાવને છોડાવો છો ?

ઉત્તર :–શુભરાગમાં હિતબુદ્ધિ છે તે છોડવાય છે. પહેલા શુભરાગમાં આદરબુદ્ધિ છોડાવે છે અને પછી અસ્થિરતાથી છોડાવે છે. શુભરાગ આવશે તો ખરો, શુદ્ધોપયોગ વિના શુભરાગ છૂટતો નથી પણ તેમાંથી હિતબુદ્ધિ છોડવાની છે.

પ્રશ્ન :–પંચાસ્તિકાયને અર્થીપણે સાંભળે છે એટલે શું ?

ઉત્તર :–અર્થીપણે એટલે ગરજુ થઈને, સેવક થઈને, દાસ થઈને પંચાસ્તિકાયને સાંભળે છે. જેમ કોઈ મોટા માણસ પાસે યાચક માગે છે તેમ ગુરુ પાસે પાત્ર શિષ્ય યાચક થઈને સાંભળે છે. હું કાંઈક જાણું છું એમ મોટાઈથી સાંભળતો નથી પણ ગરજુ થઈને પોતાનું હિત

કરવા સાંભળે છે. પોતાના જ્ઞાનમાં પંચાસ્તિકાયને જાણે છે–નિર્ણય કરે છે.

પ્રશ્ન :–જેને પુરુષાર્થ કરવો નથી એ ક્રમબદ્ધમાં થવું હશે તેમ થશે તેમ માનીને પ્રમાદમાં પડયો રહેશે?

ઉત્તર :–અરે ભાઈ! ક્રમબદ્ધના નિર્ણયમાં અકર્તાવાદનો અનંતો પુરુષાર્થ થાય છે. અનંતો પુરુષાર્થ થયા વિના ક્રમબદ્ધ માની શકતો નથી. ક્રમબદ્ધનો સિદ્ધાંત એવો છે કે તે બધા વિરોધને તોડી નાખનારો છે. ક્રમબદ્ધમાં જ્ઞાતાપણાનો–અકર્તાપણાનો પુરુષાર્થ છે. રાગને ફેરવવો તો નથી પણ પર્યાયને કરવી કે ફેરવવી નથી. બસ જાણે....જાણે.....ને જાણે, સમયસાર ગાથા–૩૨૦ માં કહ્યું છે ને કે બંધમોક્ષને પણ કરતો નથી, જાણે જ છે. ક્રમબદ્ધના નિર્ણયવાળાનું લક્ષ દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય ઉપર લક્ષવાળો જ્ઞાતા છે તેને ક્રમબદ્ધના કાળમાં રાગાદિ આવે છે પણ તેના ઉપર લક્ષ નથી, તેથી તે રાગાદિનો જાણનાર જ છે.

એક ક્રમબદ્ધને સમજે તો બધા ફેંસલા–ખુલાસા થઈ જાય. નિમિત્તથી થાય નહિ, પર્યાય આડી–અવળી થાય નહિ અને થયા વિના રહે નહિ. પોતાની પર્યાયનો પણ અકર્તા થઈ જાય. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા છે.

* આ વિશ્વને જાણનાર સર્વજ્ઞ છે–એમ સર્વજ્ઞની અસ્તિ સ્વીકારતા એની દ્રષ્ટિ સર્વજ્ઞસ્વભાવી એવા દ્રવ્યમાં જાય છે, એમાં અનંત પુરુષાર્થ આવે છે. ત્રણકાળ ત્રણલોકને જાણનાર સર્વજ્ઞ છે–એવી સર્વજ્ઞની અસ્તિ કબૂલનાર અલ્પજ્ઞ પર્યાયના આશ્રયે નિર્ણય નહિ કરી શકે, પણ એ અલ્પજ્ઞ પર્યાય સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે નિર્ણય કરી શકે છે. એ સર્વજ્ઞ સ્વભાવના નિર્ણયમાં અકર્તાપણાનો–જ્ઞાતાપણાનો અનંતો પુરુષાર્થ આવે છે.

પ્રશ્ન :–શુભ–અશુભ પરિણામમાં ભેદ માને તેને મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે તો અમે આત્માની વાત સાંભળવા આવીએ કે દુકાને બેસીને વેપાર કરીએ એ બધું એક જ છે ને?

ઉત્તર :–શુભ–અશુભ પરિણામમાં વ્યવહારથી ભેદ છે. વેપારમાં તીવ્ર કષાય છે, સાંભળવામાં મંદ કષાય છે એથી વ્યવહારે ભેદ છે. પરંતુ એ શુભ–અશુભ બન્નેનું લક્ષ પર તરફ છે તેથી બંધનું કારણ છે. તેથી પરમાર્થે ભેદ નથી તેમ બતાવી શુભમાંથી હિતબુદ્ધિ છોડાવીને સ્વદ્રવ્યનું લક્ષ કરાવે છે.

પ્રશ્ન :–દ્રવ્યલિંગી શુદ્ધાત્માનું ચિંતવન નહિ કરતો હોય?

ઉત્તર :–શુદ્ધાત્માનું ચિંતવન તો કરે પણ આત્મામય થઈને કરતો નથી.

પ્રશ્ન :–દ્રવ્યલિંગી ક્રિયા કેટલી આકરી કરે, શાસ્ત્રના ભણતર પણ કેટલા હોય છે છતાં એનું બધું સ્થૂલતામાં નાખી દેવાય?

ઉત્તર :–દ્રવ્યલિંગીએ ક્ષયોપશમની ધારણાથી

ને બાહ્ય ત્યાગથી બધું કર્યું છે. એમ તો એને બાહ્યથી વૈરાગ્ય પણ ઘણો દેખાય. હજારો રાણી, રાજપાટ છોડયા હોય છે પણ એ એનો વૈરાગ્ય સાચો નથી. પુણ્ય–પાપના પરિણામથી અંદર વિરક્તિ થયો નથી. સ્વભાવ મહાપ્રભુ છે, અનંતાનંત ગુણોનો દરિયો આનંદથી ભર્યો છે, એનો અંદરથી મહિમા આવ્યો નથી.

* આ આત્મા પરમાનંદ સ્વરૂપ છે, એના લક્ષે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પર્યાય પ્રગટ થાય છે, એ પણ એક ન્યાયે સંયોગી ભાવ છે. પંચાસ્તિકાય ગાથા ૧૮ માં કહ્યું છે કે પર્યાય ઉત્પન્ન થાય તે સંયોગી ભાવ છે. પર પદાર્થ તો સંયોગીભાવ છે જ, પુણ્ય–પાપ ભાવ થાય એ પણ સંયોગી ભાવ છે અને આત્માનું લક્ષ કરતાં જે આનંદની પર્યાય નવી પ્રગટ થાય છે તેને પણ સંયોગી ભાવ કહ્યો છે. કેમ કે શુદ્ધ પર્યાય પહેલા ન હતી ને નવી થઈ તેથી તેને પણ સંયોગી ભાવ કહે છે અને મિથ્યાદર્શન પર્યાયનો વ્યય થયો એ સંયોગી ભાવ હતો એટલે તેનો વિયોગ થયો–નાશ થયો તેમ કહે છે. બહારના સંયોગ વિયોગની વાત તો ક્યાંય રહી ગઈ, એની તો સત્તા પણ ભિન્ન છે. અહીં આત્માના સત્તામાં રહેલ પર્યાયમાં મિથ્યાદર્શન રાગ–દ્વેષ હતા તેનો નાશ એટલે વ્યય થયો તેને વિયોગ કહે છે અને સમ્યગ્દર્શન આદિ નિર્મળ આનંદની પર્યાય ન હતી તેનો ઉત્પાદ થયો તેને સંયોગ કહે છે. ધ્રુવ વસ્તુ ત્રિકાળ છે તેની અપેક્ષાએ ઉત્પાદ વ્યયને સંયોગ વિયોગ કહે છે. અહાહા ! શું સંતોની કથની છે. આ તો અંદરની વાત છે ને લોકો બહારના વ્યવહારમાં અટકી પડયા છે.

પ્રશ્ન :–તત્ત્વચર્ચા–સ્વાધ્યાયમાં રહેનાર સ્વાર્થ સિદ્ધિના દેવો કરતાં પાંચમાં ગુણસ્થાન વાળા પશુને શાંતિ વિશેષ હોય ?

ઉત્તર :–પાંચમાં વાળા પશુને બે કષાયનો અભાવ હોવાથી ચોથાવાળા દેવો કરતાં શાંતિ વિશેષ હોય છે. ચોથાવાળા દેવ શુભમાં હોય છતાં શાંતિ ઓછી છે અને પાંચમાં વાળા પશુ કે મનુષ્ય અશુભમાં હોય છતાં તેને શાંતિ વિશેષ છે.

પ્રશ્ન :–સ્વાનુભૂતિ કેમ કરવી ?

ઉત્તર :–રાગની વૃત્તિ પર તરફ જાય છે તેનું લક્ષ છોડીને સ્વસન્મુખ વળે તો અનુભૂતિ થાય.

પ્રશ્ન :–વિષય કષાયની સતત વિટંબણામાંથી છૂટવાનું સાધન શું ?

ઉત્તર :–વિષય કષાયનો પ્રેમ છોડવો–રુચિ છોડવી, વિષય કષાયના રાગથી ચૈતન્યનું ભેદજ્ઞાન કરવું તે વિષય કષાયની સતત વિટંબણાથી છૂટવાનું સાધન છે.

[ પ્રવચન–પ્રસાદ...પાનું ૨ થી ચાલુ ]

## * હે જીવ ! હવે તો પુરુષાર્થ કર ! *

વસ્તુ અનાદિની છે એટલે કે જેની આદિ નથી–જેની શરૂઆત નથી એવી વસ્તુ છે. મહા આનંદનો સાગર પૂરણ પ્રભુ અનાદિનો છે અને તેની વર્તમાન પર્યાયમાં જે અજ્ઞાન છે તે પણ અનાદિનું છે ને એવો જીવ અનાદિ કાળથી સુખની ઝંખનામાં ભટકી રહ્યો છે કે જાણે બહારમાં ક્યાંય સુખ છે! મૃગની નાભિમાં કસ્તૂરી છે પણ તેની ગંધથી જાણે વનમાં ક્યાંય કસ્તુરી હશે?–એમ વનમાં ગોતતા ગોતતા રખડી મરે છે. તેમ ભગવાન આત્મામાં સુખ ભરેલું છે પણ ત્યાં જોતો નથી ને ઇન્દ્રિય ને ઇન્દ્રિયના વિષયમાં સુખ માનીને વિષયોની પાછળ દોડતો દોડતો રખડી મરે છે.

માનના શબ્દોમાં સુખ છે, કુટુંબ કબીલાની કે પૈસાની સંખ્યા વધતાં સુખ છે–એમ સુખની ઝંખનામાં વિષયો પાછળ દોડે છે. દયા–દાન–વ્રત આદિના રાગને પ્રભુએ હિંસા કહી છે કેમ કે ભગવાન આત્મા તો વીતરાગ સ્વરૂપ છે, પણ એના ભાન વિના અજ્ઞાનને લીધે બહારમાં સુખ માનીને રખડે છે. અમૃતનો સાગર ભગવાન પોતે છે પણ તેની સામે ન જોતાં દેવને કંઠમાંથી અમૃત ઝરે ત્યાં તે હરખાઈ જાય છે. શ્રી સમયસારની ૯૬ મી ગાથામાં એમ કહ્યું છે કે અમૃત સ્વરૂપ આત્મા મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો છે.

અનંતી સિદ્ધપર્યાયનો પિંડ આત્મા છે તેને ભૂલીને અજ્ઞાની સુખની ઝંખનાથી વિષયો પાછળ રખડે છે ને દુઃખને વેઠે છે. કોઈવાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો. કોઈવાર સાચું સુખ બતાવનારની અવગણનાથી અટક્યો કે એ તો મોટા પુરુષ છે, એની વાતો છે એ કાંઈ આપણા માટે થોડી હોય !–એમ દેખાડનારની અવગણના કરીને રખડે છે.

રાગ ને પુણ્યની પર્યાયના પ્રેમમાં પડયો હોવાથી ચૈતન્યહીરલાને જોયો નહીં. દેખાડનાર મળ્યા તો તેની અવગણના કરી કે આટલા પૈસા, આબરૂ આદિમાં અમે તો સુખી છીએ! એમ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ સમજવામાં અટક્યો. કોઈવાર થોડો પુરુષાર્થ કર્યો ને ત્યાં અટક્યો–એમ અનેક પ્રકારના અટકવાના પ્રકારોમાં અટક્યો ને સંસારમાં રખડયો.

હવે કહે છે કે બાપુ! આવો દુર્લભ ભવ મળ્યો, આવા સત્ પુરુષ મળ્યા ને ઇન્દ્રો જેની સભામાં સાંભળવા બેઠા હોય એવા ત્રણલોકના નાથની વાણી સાંભળવા મળી અને જો હવે આવા ટાણે ટાણા ચૂક્યો–પુરુષાર્થ નહીં કરે તો ભાઈ! તું કયા

ભવે પુરુષાર્થ કરીશ? પ્રભુ! તરવાનું તો આ છે, કરવાનું તો આ છે કે હું તો પૂરણ સ્વરૂપ પરમેશ્વર જ છું –આવા ટાણે જો આ કરવાનું નહીં કરે તો હે જીવ! કયા ભવે કરીશ? માટે હે જીવ પુરુષાર્થ કર!

કોઈ કહેશે કે ક્રમબદ્ધની વાતો કરો ને વળી પુરુષાર્થ કર એમ પણ કહો છો! પણ ભાઈ! ક્રમબદ્ધ છે એમ નિર્ણય કરવા જઈશ ત્યાં દ્રષ્ટિ જ અંતર્મુખ જશે અને એમાં જ અનંતો પુરુષાર્થ આવી જાય છે. સર્વજ્ઞનો ને ક્રમબદ્ધનો નિર્ણય ક્યારે થાય?–કે જ્ઞાયક ઉપર દ્રષ્ટિ જાય ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને એ કબૂલાતમાં જ–નિર્ણયમાં જ પુરુર્ષાથ આવી જાય છે. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જતાં રાગનું કર્તાપણું છૂટી જઈને અકર્તાસ્વભાવની દ્રષ્ટિ થાય છે.

તેથી કહે છે કે હે જીવ! પુરુષાર્થ કર. આવી જોગવાઈ ને સાચું સ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરીને નહિ મળે.

## * અંદર વાસ્તવિક પ્રવેશ કર *

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટીકમાં લાલ કાળા ફૂલનાં સંગે રંગીન ઝાંય દેખાય તોપણ સ્ફટીક રંગાઈ ગયું નથી. વળી એ રંગીન ઝાંય ફૂલને લઈને નથી પણ સ્ફટીકની પર્યાયની યોગ્યતાને લઈને એ ઝાંય છે. સ્ફટીકના દ્રવ્ય ગુણને લઈને પણ નહિ અને રંગીન ફૂલના લઈને પણ નહિ, પર્યાયના ષટ્કારકથી રંગીન ઝાંય દેખાય છે.

તેમ નિર્મળાનંદ આત્મામાં ક્રોધાદિ દેખાય એ એક સમયની પર્યાયની યોગ્યતાથી દેખાય છે. કર્મના લઈને ક્રોધાદિ નથી પણ પર્યાયની યોગ્યતાથી પર્યાયમાં ક્રોધાદિ છે, તોપણ નિર્મળાનંદ પ્રભુ તેનાથી ભિન્ન છે. પર્યાયમાં ભલે વિકૃતિ ને આવરણ દેખાય પણ એ તો એક સમયની પર્યાયમાં છે, આત્મામાં તે નથી. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. મલિનતા તો ઉપર ઉપર પર્યાયમાં છે. સંસાર તો એક સમયની પર્યાયમાં છે. ભગવાન આત્મા તો તેનાથી ભિન્ન છે. વસ્તુ તો ત્રિકાળ નિર્મળ છે, તેમાં મલિનતા નથી.

હવે દ્રષ્ટાંત આપે છે કે પરમાણુ પલટીને પોતાના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વિનાનો ન થાય. પરમાણુ તો ગુણી છે તે ગુણ વિનાનો ન થાય. ગુણી કોઈ દિ' ગુણ વિનાનો ન થાય. પરમાણુ રસ–ગંધ આદિ વિનાનો ન થાય. તેમ જે વસ્તુ છે–જે ભગવાન આત્મા છે તે પોતાના ગુણ વિનાનો ન થાય. વિકાર વિનાનો રહે પણ પોતાના ગુણો વિનાનો ન રહે.

જેમ પરમાણુ પલટીને વર્ણાદિ વિનાનો ન થાય કેમ કે ગુણ વિના ગુણીનો અભાવ

થઈ જાય. તેમ ભગવાન આત્મા જ્ઞાનાદિ ગુણ વિનાનો ન હોય. ચૈતન્ય ભગવાન તેના જ્ઞાનાદિ અનંત ગુણ વિનાનો અનંત કાળમાં કદી ન હોય. આત્મા અનંત ગુણ વિનાનો કદી હોય નહિ એવી દ્રષ્ટિ થતાં રાગની દ્રષ્ટિ છૂટી જાય છે, પરથી એકત્વ છૂટી જાય છે. સ્વમાં એકત્વ થતાં પરમાં એકતા થતી નથી. તેથી તેને પરથી એકત્વ છોડે છે–એમ કહે છે. અંદરમાં જાય તો રાગથી છૂટો પડી જાય છે, એ સિવાય છૂટો પડશે નહિ.

### * વિભાવપરિણામ વખતે પણ હું તો સદાય નિર્મળ જ છું *

અરીસામાં જેમ પ્રતિબિંબ પડે છે એટલે કે જેવું સામે બિંબ છે તેવું અરીસામાં પ્રતિબિંબ પડે છે. પરંતુ તે વખતે જ અરીસો તો નિર્મળ જ છે, અરીસો કાંઈ બરફ કે અગ્નિરૂપ પ્રતિબિંબપણે થતો નથી. અરીસાના બે પ્રકાર : એક ત્રિકાળી દળ અને એક અરીસાની સ્વચ્છ પર્યાય. જે કાંઈ પ્રતિબિંબ પડે તે અરીસાની સ્વચ્છ પર્યાયમાં જણાય છે, અરીસાના દળમાં પ્રતિબિંબ પડતું નથી.

તેમ વિભાવપરિણામ વખતે જ એટલે કે વિકલ્પ ઉઠે તે કાળે જ તારામાં નિર્મળતા ભરેલી પડી છે, બરફના પ્રતિબિંબ વખતે અરીસો બરફમાં ગયો નથી ને બરફ અરીસામાં આવ્યો નથી. તેમ વિભાવપરિણામ વખતે સ્વભાવ વિભાવમાં આવતો નથી ને વિભાવ સ્વભાવમાં આવતો નથી. ભગવાન આત્મા જ્ઞાયકની ઝળહળ જ્યોતિ, ચૈતન્યઅરીસો, નિર્મળાનંદ પ્રભુ છે. તે વિભાવ વખતે પણ નિર્મળ જ છે. વિભાવને જાણે છે એ વખતે વિભાવને જાણતું નથી પણ વિભાવ સંબંધી જે પોતાનું જ્ઞાન તેને તે જાણે છે. વિભાવના જ્ઞાન કાળે પણ પ્રભુ તો નિર્મળ જ છે પણ તેને દ્રષ્ટિમાં નિર્મળ પ્રભુ આવતો નથી. કેમ કે તેની દ્રષ્ટિ વિભાવ ઉપર છે. વિભાવની ભૂમિકાની સ્થિતિ વખતે પણ તેને જાણનાર નિર્મળાનંદ જ છે.

વિકારના કાળે પ્રભુ નિર્મળ છે, તો કેમ તેને દેખાતો નથી?–કે તારી દ્રષ્ટિ ચૈતન્યને ન જોતાં, નિર્મળ વસ્તુને ન જોતાં વિભાવમાં તારી દ્રષ્ટિ તન્મય થઈ જાય છે. પુણ્ય પાપના કાળે પણ આત્માનું અસ્તિત્વ નિર્મળપણે જ પડયું છે પણ રાગને જાણનારો તે હું એને બદલે રાગ તે હું, હું જે છું તે નહિ પણ હું જે છું નહિ તે હું–એવી દ્રષ્ટિના કારણે નિર્મળાનંદ પ્રભુ તને દેખાયો નથી.

વિભાવના કાળે પણ પ્રભુ નિર્મળ હોવા છતાં તારી દ્રષ્ટિ વિભાવ ઉપર હોવાથી, વિભાવમાં તન્મય થઈ જાય છે. નિર્મળાનંદનો નાથ પ્રભુ છે તેને જોતો નથી ને વિભાવમાં દ્રષ્ટિ તન્મય થઈ જાય છે એ જ મિથ્યાત્વ છે. તેથી કહે છે કે એ તન્મયતાને છોડ. પ્રભુ! તારી પાસે નિર્મળાનંદ પ્રભુ પડયો છે ને! તેની દ્રષ્ટિ કર ને વિભાવની દ્રષ્ટિ છોડ–એ જ કરવાનું છે.

## * આત્માનો એક માત્ર વેષ : ત્રિકાળ જ્ઞાયકપણું *

આત્મા કે જે દ્રવ્ય વસ્તુ છે તેણે તો જ્ઞાયકપણું, જાણવાપણું, દેખવાપણું–એવો જે વેષ છે તે ધારણ કર્યો છે. પણ જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી. ભગવાન આત્માને રાગની પર્યાય કે ક્ષયોપશમની પર્યાય કે ક્ષાયિક પર્યાયનો વેષ નથી. જે દ્રવ્ય છે તેમાં કોઈ જાતની પર્યાય નથી. શરીર–વાણી–મન તો જુદાં રહ્યા ને રાગ પણ જુદોરહ્યો, પણ અંદર કોઈ પણ જાતની પર્યાય જ્ઞાયકે ધારી નથી.

સમ્યગ્દર્શનની પર્યાય પણ જ્ઞાયકનો વેષ નથી. તારી અવસ્થામાં જે પર્યાય થાય તેને દ્રવ્યે ધારણ કરી નથી. ત્રિકાળી અવસ્થાયીમાં વર્તમાન અવસ્થા નથી, જ્યાં દ્રષ્ટિ મૂકવાની છે, એ દ્રષ્ટિ પણ દ્રવ્યમાં નથી. એવા દ્રવ્યમાં દ્રષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય સમ્યગ્દર્શન થતું નથી.

જે ત્રિકાળી ધ્રુવ ધાતુ છે તે અધ્રુવ એવી પર્યાયને ધારી રાખતી નથી. ત્રિકાળી જાણનસ્વભાવથી ભરેલા ભગવાન આત્માને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાયઅપેક્ષા નથી. કેવળજ્ઞાનની પર્યાયનો પણ વેષ ધ્રુવમાં નથી. ત્રિકાળી તત્ત્વને વર્તમાનનો વેષ નથી–એવા જ્ઞાયકને દ્રષ્ટિમાં લેવાનો છે. ધર્મ કરવો હોય તો જે ધ્રુવ છે તેની દ્રષ્ટિ કરવી કે જે ધ્રુવમાં પર્યાયનો વેષ તો નથી પણ તેને કોઈ પર્યાયઅપેક્ષા પણ નથી.

જ્ઞાયક છે તે અંતઃતત્ત્વ છે ને પર્યાય છે તે બાહ્યતત્ત્વ છે. જેમ નેત્ર પરને જાણવા છતાં પરને કરતો–વેદતો નથી. તેમ અંતઃતત્ત્વરૂપ જે જ્ઞાયકભાવ તે પરને તો કરતો નથી, રાગને તો કરતો નથી, પરંતુ બંધ–મોક્ષરૂપ પર્યાયને પણ કરતો–વેદતો નથી. ધ્રુવને ટકવામાં વિકલ્પની તો અપેક્ષા નથી પણ ધ્રુવને ટકવામાં નિર્મળ પર્યાયની પણ ધ્રુવને અપેક્ષા નથી.

જ્ઞાયકભાવ કેવો છે? કે તેને કોઈ પર્યાયવેષ તો નથી, પણ કોઈ પર્યાયની અપેક્ષા પણ નથી. સાચું મુનિપણું છે તે પણ પર્યાય છે, કેવળજ્ઞાન છે તે પણ પર્યાય છે ને સિદ્ધપણું છે તે પણ પર્યાય છે, એ પર્યાયની પણ ધ્રુવને અપેક્ષા નથી. પ્રભુ તું જાણનાર છો–એમ જે પર્યાય જાણે એ જાણવાની પર્યાયની પણ જાણનાર જ્ઞાયકવસ્તુને અપેક્ષા નથી.

સમ્યગ્દર્શન–જ્ઞાન આદિની જે પર્યાય થાય છે તે ઉત્પાદને પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી, ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી, ઉત્પાદ ઉત્પાદને લઈને છે. અહીં કહે છે કે ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી. જ્ઞાયક છે તે ત્રિકાળી છે ને જે પ્રગટે છે તે એક

સમયની પર્યાય છે, એ પર્યાય બીજા સમયે નહીં રહે. કેવળજ્ઞાનની પર્યાય બીજે સમયે એવી થશે પણ બીજે સમયે એ પર્યાય રહેશે નહિ. એવી કેવળજ્ઞાનની પર્યાયની ત્રિકાળી ધ્રુવને અપેક્ષા નથી. એ ધ્રુવની દ્રષ્ટિ ને આશ્રય કરીને અનંતા જીવો મોક્ષે ગયા છે. પ્રભુ! તારી નજરમાં એ ધ્રુવ આવવો જોઈએ. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ અપેક્ષા ધ્રુવને નથી.

દિવ્યધ્વનિમાં એ આવ્યું કે પ્રભુ! તારા આત્માને દિવ્યધ્વનિની તો જરૂર નથી, દિવ્યધ્વનિના નિમિત્તે જે જ્ઞાન પ્રગટયું તેની તો જરૂર નથી પણ જે નિર્મળ પર્યાય પ્રગટે તેની પણ ધ્રુવને જરૂર નથી. ત્રિકાળ નહિ ટકતી પર્યાયની ત્રિકાળી ટકનારી ધ્રુવચીજને અપેક્ષા નથી. જેને નાશવાન પર્યાય અડતી નથી એવો અમરગઢ પ્રભુ છે.

જ્ઞાયક તો જાણનાર, જાણનાર, જાણવાની અવસ્થા વિનાનું ધ્રુવ તત્ત્વ છે. તેને જાણવાની પર્યાયની પણ અપેક્ષા નથી, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે એના અવલંબને સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય કોઈ કાળે સમ્યગ્દર્શન થઈ શકે નહિ.

## * ચૈતન્યગુફામાં એકલો ચાલ્યો જા *

અંદર ઉપયોગ જાય એટલે કે ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય કે કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય ત્યાં ઉપયોગ અંદર જાય છે ને ત્યારે બધા નયપક્ષ છૂટી જાય છે. હું શુદ્ધ છું –આદિ નયપક્ષો છૂટી જાય છે,–ક્યારે?–કે અંદર ઊંડાણમાં ઉપયોગ જાય ત્યારે. હું અબદ્ધ છું કે મારી પર્યાય ક્રમબદ્ધ થાય છે આદિ જે નયપક્ષ છે તે ઉપયોગ અંદર જતાં છૂટી જાય છે.

શ્રી સમયસારની ૧૪૨ મી ગાથામાં કહ્યું છે કે વ્યવહારનો પક્ષ તો અમે છોડાવતા આવ્યા છીએ પણ હું શુદ્ધ છું –આદિ નિશ્ચયનયનો પક્ષ આવ્યો તેથી શું? અખંડાનંદનો નાથ પ્રભુ જેવો, જેવડો ને જેટલા સામર્થ્યવાળો છે તેવું તેનું જ્ઞાન ને અનુભવ ક્યારે થાય?–કે અંદરમાં ઉપયોગ જાય છે ત્યારે જેવો છે તેવો અનુભવમાં આવે છે અને તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આવા અનુભવ વિના ચારિત્રદશા આવે નહિ.

હવે દ્રષ્ટાંત આપે છે કે ગુફામાં જવું હોય તો પ્રવેશ દ્વાર સુધી વાહન આવે પણ પછી ગુફામાં વાહન ન આવે. ગુફામાં તો પોતાને એકલા ચાલીને જવું પડે. તેમ ચૈતન્યની ગુફામાં જીવ એકલો અંદર જાય છે. વિકલ્પોની લાગણી ને શાસ્ત્રના જાણપણા એ બધું આંગણે–બહાર પડયા રહે છે. ચૈતન્યગુફામાં અંદર જીવ એકલો જાય છે ત્યારે વિકલ્પો

તો છૂટી જાય છે પણ ભેદભાવો એટલે કે આ આત્મા ને આ જ્ઞાનગુણ એવો ભેદવાદ છૂટી જાય છે.

અંદર જાય તેને ભેદભાવ છૂટી જાય છે. હું આનંદવાળો છું–એ પણ ભેદ છે. આનંદસ્વરૂપ જ છું –એવી અભેદદ્રષ્ટિ થતાં ભેદભાવ છૂટી જાય છે. હા, ચેતનને ઓળખવા માટે અનંત ગુણોનો સાગર છે, આનંદસ્વરૂપ છે ઇત્યાદિ વિકલ્પો પહેલા આવે. આંગણે ઊભા આવા વિકલ્પો આવે–અંદર પ્રવેશતા પહેલા આંગણે ઊભા નયના વિકલ્પો આવે ખરા, પણ અંદર આવે ત્યાં બધું છૂટી જાય છે.

આ દયા–દાનનો રાગ છે, આ ભેદનો રાગ છે–એમ એક એક વિકલ્પ છોડવા જાય તો નહિ છૂટે. કેમ કે એક એક વિકલ્પ છોડવા જશે ત્યાં નજર તેની ઉપર રહેશે એટલે એક એક વિકલ્પ છોડવા જાય તે છૂટશે નહિ. અસંખ્ય પ્રકારના વિકલ્પો છે તેને એક એક કરીને છોડવા જાય તો પાર નહિ આવે પ્રભુ ! અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.

પરમાત્માનો આ હુકમ છે, આ આજ્ઞા છે કે એક એક વિકલ્પ છોડવા જઈશ તો નહિ છૂટે. જેમ સૂતર કાંતવામાં એક રૂની પૂણી થાય ત્યાં બીજી રૂની પૂણી લાગે તેમ વિકલ્પની લાળ ચાલ્યા જ કરે છે તેથી એક એક વિકલ્પને છોડવા જશે તો વિકલ્પો નહિ છૂટે. ચૈતન્યગુફામાં અંદર જતાં બધાં વિકલ્પો છૂટી જશે.

## [ જન્મજયંતી મહોત્સવ પાના ૩૪ નું ચાલુ ]

* પૂજ્ય ગુરુદેવની ૯૦ મી જન્મજયંતી ઉજવવાનો શુભ-અવસર પ્રાપ્ત થવાની ખુશાલીમાં ૯૦ મી જન્મજયંતીની યાદગીરીરૂપે બૃહદ્ મુંબઈના ચારે દિગંબર જૈન મુમુક્ષુ મંડળે શ્રી કુંદકુંદકહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટના નામથી શ્રી સમયસારજી, શ્રી પ્રવચનસારજી, શ્રી નિયમસારજી, શ્રી પંચાસ્તિકાયજી અને શ્રી અષ્ટપાહુડજી તથા અન્ય પરમાગમો ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પુસ્તકાકારે પ્રકાશિત કરવાના નિર્ણયની ચારે મંડળો વતી શ્રી લાલચંદભાઈ મોદીએ જાહેરાત કરી હતી.
* એ રીતે અનેકવિધ ઉલ્લાસભર્યા કાર્યક્રમો દ્વારા પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની ૯૦ મી જન્મજયંતી મુંબઈના પ્રાંગણમાં હજારો ભક્તોની ઉપસ્થિતિમાં અતિ ઉત્સાહથી ઉજવાઈ હતી.
* વૈશાખ સુદ બીજના રોજ ભારતભરના અનેક ગામોના મુમુક્ષુ મંડળોએ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૦ મી જન્મજયંતી ઉલ્લાસપૂર્વક ઉજવી હતી.

# મુંબઈના પ્રાંગણમાં ઉજવાયેલો જન્મજયંતી મહોત્સવ

* તા. ૧૪-૩-૭૯ ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને રાજકોટ, મોરબી, જામનગર અને વાંકાનેરમાં ધર્મશ્રવણ પિપાસુઓની તૃષા છીપાવતાં છીપાવતાં તા. ૧૪-૪-૭૯ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી મુંબઈ પધારતાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક તથા આગંતુક સમસ્ત મુમુક્ષુઓ આનંદવિભોર બની ગયા હતા. ૯૦ મી જન્મજયંતી સૂચક ૯૦ બહેનોએ કેસરી સાડીમાં મસ્તક પર કળશ ધારણ કરીને પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ મુંબઈ મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી ચીમનલાલ હિંમતલાલ શાહે સ્વાગત પ્રવચન દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણીને વધાવી હતી.

* કલ્યાણકારી પૂજ્ય ગુરુદેવની ૯૦ મી જન્મજયંતી ઉજવવા અનેક ગામોના મુમુક્ષુ મંડળની અનેક પ્રમુખ વ્યક્તિઓ ઉપરાંત જૈન સમાજની અનેક અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આવી હતી.

* વૈશાખ સુદ બીજની મંગલ સુપ્રભાતના પાંચ વાગ્યે હજારો દર્શનાભિલાષી ભક્તજનોની ઉપસ્થિતિમાં જય-જયકારના શબ્દ ગુંજારવ વચ્ચે પૂજ્ય ગુરુદેવશ્રી મહાવીરનગર ( પ્રવચન-મંડપ ) માં પધારતાં વાતાવરણ એકદમ ઉલ્લસિત બન્યું હતું. મંગલમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરતાં હજારો મુમુક્ષુઓ સાનંદ ધન્યતા અનુભવી રહ્યાં હતાં. લગભગ એક કલાક સુધી ચાલેલા મંગલ જન્મવધાઈના આ કાર્યક્રમમાં હજારો મુમુક્ષુઓએ ઉમંગભેર ને ધીરજથી લાભ લીધો હતો.

* આ મંગલ જન્મવધાઈના મહોત્સવ પ્રસંગે શેઠ શ્રી શાહૂ શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી બાબુભાઈ ફતેપુરવાળા, શ્રી ડૉ. હુકમચંદજી ભારિલ્લ, બ્ર. યશપાલજી ( બાહુબલી ), તામિલભાષી આત્મધર્મના સંપાદક શ્રી ભરતચક્રવર્તી, પ્રમુખશ્રી ચીમનભાઈ હીંમતલાલ, શ્રી ધીરુભાઈ શ્રોફ તથા મુક્તિલાલ વીરવાડિયાએ પોતાના વકૃત્ય દ્વારા સકલ સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ શ્રદ્ધાસુમન સમર્પિત કર્યા હતા. આ સિવાય અનેક અગ્રગણ્ય મહાનુભવો પણ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પોતાની ભક્તિ

વ્યક્ત કરવા આતુર હોવા છતાં સમયના અભાવે તેમ થઈ શક્યું ન હતું.

* મુંબઈ મુમુક્ષુ મંડળ તરફથી તા. ૨૭-૪-૭૯ થી તા. ૨૯-૪-૭૯ સુધી અડધી કિંમતે પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું.
* પાવનકારી ૯૦ મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં અનેક ૯૦ રૂપિયાની રકમો જાહેર કરીને મુમુક્ષુગણે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરી હતી.
* રાજકોટનિવાસી શ્રી સૌભાગ્યચંદભાઈ દોશીએ પ્રવચન બાદ ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકની લ્હાણી કરી હતી, તેમજ શ્રી શાંતિભાઈ ઝવેરીએ તથા ચીમનભાઈ મોદીએ ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકો ભેટ આપ્યા હતા.
* શ્રી કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટે આત્મધર્મ (ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ તથા તામિલ)ની આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/-ને બદલે રૂા. ૭૬/- જાહેર કરી હતી.
* ‘નિલાંબર’ માં પોતાના ઘરે પૂજ્ય ગુરુદેવશ્રી ૧૬ દિવસ રહ્યાં તેની ખુશાલીમાં વૈશાખ સુદ બીજના સવારે પ્રવચન બાદ હજારો શ્રોતાજનોને મહાવીરનગરમાં અલ્પાહાર કરાવવાનો લાભ શ્રી શાંતિભાઈ ચીમનલાલ ઝવેરીએ લીધો હતો, તેમજ વૈશાખ સુદ ત્રીજના રાત્રિચર્ચા પહેલા શ્રી મધુભાઈ ઝવેરીએ એક ભાવવાહી વિદાય ગીત દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની અર્પણતા તથા ભક્તિ વ્યક્ત કર્યા હતા.
* તા. ૧૫-૪-૭૯ થી તા. ૨૯-૪-૭૯ સુધી દરરોજ સવારે શ્રી સમયસાર શાસ્ત્ર (ગાથા ૪, ૧૯, ૩૧, ૩૬, ૪૫, ૫૬, તથા ૬૮) ઉપર તથા બપોરે ‘બહેનશ્રીનાં વચનામૃત’ના કેટલાંક ભિન્ન ભિન્ન બોલ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના થયેલાં આધ્યાત્મિક પ્રવચનોનો તથા રાત્રિચર્ચાનો હજારો મુમુક્ષુઓએ ઉલ્લાસથી લાભ લીધો હતો.
* તા. ૨૫-૪-૭૯ થી તા. ૨૯-૪-૭૯ સુધી સવારે તથા સાંજે ડૉ. ભારિલ્લના ક્રમબદ્ધ પર્યાય ઉપર પ્રવચન થયા હતાં.
* દરરોજ બન્ને સમયના પ્રવચન પહેલા શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન ભજન-મંડળીએ પોતાની આગવી શૈલીથી ભજન-ભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની ભક્તિ વ્યક્ત કરીને તથા ‘રસ કથા પારસનાથકી’ અને ‘વધામણા’-એ બે નાટકો રજૂ કરીને મુમુક્ષુઓના ઉલ્લાસમાં વૃદ્ધિ કરી હતી.

[ અનુસંધાન પાનું ૩૨ ઉપર ]




* વિંછીઆનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી વસંતરાય ચુનિલાલ શાહની સુપુત્રી ( ઉં. વ. ૧૫ ) તા. ૧૬–૩–૭૯ ના રોજ સ્કૂલે જતાં રેલ્વે અકસ્માતથી સ્વર્ગવાસ પામેલ છે.

* પાદરાનિવાસી શ્રી ભગુભાઈ મંગળભાઈ ( ઉં. વ. ૪૫ ) ફાગણ સુદ ૧૪ ના રોજ ચાર દિવસની તાવની ટૂંકી બીમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી શ્રી છોટાલાલ દેવશીભાઈ માલદે ( ઉં. વ. ૪૭ ) ચૈત્ર સુદ દશમના રોજ અકસ્માત થતાં તુરત જ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વાધ્યાય ભક્તિના કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા હતા.

* ચુડાનિવાસી ( હાલ સોનગઢ ) શ્રી છોટાલાલ રાયચંદ ખંધાર ( ઉં. વ. ૮૫ ) તા. ૧૦–૪–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાની વયમાં ધીકતો વ્યાપાર બંધ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેવા છેલ્લા ૪૨ વર્ષથી સોનગઢ આવીને વસ્યા હતા. શાસ્ત્ર–વાંચન–વિચારમાં તથા જિનેન્દ્ર ભક્તિ પૂજામાં તેઓએ જીવન વ્યતીત કર્યું હતું. છેલ્લી ઘડી સુધી જ્ઞાયકનું રટણ–ઘુંટણ કરતા હતા.

* પાલનપુરનિવાસી વિમળાબેન નટવરલાલ મહેતા તા. ૧૬–૪–૭૯ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી ગુલાબચંદ નાનચંદ વોરા ( ઉં. વ. ૬૦ ) તા. ૨૭–૪–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સવારે ૧૨ાા વાગ્યે આત્મધર્મ વાંચીને વાતચીત કરતા હતા ને જમવા માટે ઘરનાએ બોલાવ્યા ત્યારે તો તેઓનું આયુષ્ય પૂરું પણ થઈ ગયું હતું !

* રાજકોટનિવાસી લલિતાબેન જયસુખલાલ સંઘાણી ( ઉં. વ. ૬૮ ) તા. ૧૨–૫–૭૯ ના રોજ ત્રીસ કલાકની ટૂંકી બીમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી રાજકોટ પધાર્યા હતા તે વખતે ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીબેનને હીરાથી વધાવવાનો અણમૂલો લાભ તેઓએ ઉત્સાહથી લીધો હતો.

* નાગનેશના રહીશ ( હાલ મુંબઈ ) શ્રી ચુનિલાલ કસ્તૂરચંદ ઝોબાળિયા ( ઉં. વ. ૭૦ )નું તા. ૧૨–૫–૭૯ શનિવારના રોજ અવસાન થયું છે. જીવનના છેલ્લા દશકમાં તબિયત નાદુરસ્ત હોવા છતાં કેસેટ–ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મવાણીનો ઉમંગથી લાભ લેતા હતા. છેવટ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની છબી સામે જોઈ, દર્શનની ભાવના વ્યક્ત કરતા હતા.

* અમરગઢ ટી. બી. હોસ્પીટલના નિવૃત્ત ડૉ. રસ્તોગી ( ઉં. વ. ૬૧ ) તા. ૧૬–૫–૭૯ ના રોજ હાર્ટએટેકટથી સુરેન્દ્રનગરની હોસ્પીટલમાં ડયુટી બજાવતાં બજાવતાં ઓચિંતાના સ્વર્ગવાસ પામેલ છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિભાવ હતો ને અવારનવાર અમરગઢથી પ્રવચન–દર્શનનો લાભ લેવા આવતા હતા.

**સ્વર્ગસ્થ આત્માઓ દેવ-ગુરુ-ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ શુભાંજલિ.**

# વિવિધ સમાચાર

* મલકાપુર શહેરમાં તા. ૧૨–૪–૭૯ ના રોજ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દિ. જૈન મંદિરનો શિલાન્યાસ જલગાંવ નિવાસી શેઠશ્રી વ્રજલાલ મગનલાલ શાહના શુભ હસ્તે સાનંદ થયો હતો. તેની વિધિ પંડિત શ્રી મધુભાઈએ કરાવી હતી.

* નાઈરોબી જવા માટે જરૂરી જાણકારીઃ–

નાઈરોબી (કેનીયા–આફ્રિકા) માં જાન્યુઆરી ૧૯૮૦ ના ત્રીજા અઠવાડિયામાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં દિગંબર જિનમંદિરની પંચકલ્યાણક–પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયેલ છે. નાઈરોબી જવા–આવવાનું પ્લેન–ભાડું રૂા. ૬૫૯૦/૦૦ થાય છે. પરંતુ કન્સેસનના કારણે રૂા. ૪૨૦૦/૦૦ માં નાઈરોબી જઈને આવી શકાશે. જે મુમુક્ષુ ભાઈ–બ્હેનો આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે પોતાનો પાસપોર્ટ તૈયાર કરાવવા માટે નીચેના એડ્રેસ પર તુરત સંપર્ક સાધવો. પાસપોર્ટની વિધિમાં સમય ઘણો જતો હોવાથી નાઈરોબી જવા ઇચ્છનારા મુમુક્ષુઓએ તુરત પત્ર–વ્યવહાર કરવો.

એડ્રેસઃ શ્રી બાલુભાઈ શાહ
C/o. શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ–૨

* દર વર્ષની માફક આ વર્ષે પણ સોનગઢમાં પ્રૌઢ શિક્ષણશિબિર તથા પ્રવચનકાર પ્રશિક્ષણ શિબિર અષાઢ વદ ૧૩, શનિવાર, તા. ૨૧–૭–૭૯ થી શ્રાવણ વદ ૨, ગુરુવાર, તા. ૯–૮–૭૯ સુધી યોજાશે. વિશેષ સૂચના આવતા અંકે આપવામાં આવશે.

અગત્યની સૂચના :–આત્મધર્મનું વાર્ષિક લવાજમ જૂન ૧૯૭૯ માં પૂરું થતું હોવાથી વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ ૧૯૭૯ થી જૂન ૧૯૮૦ નું લવાજમ રૂા. ૬/૦૦ સત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપવો. –આત્મધર્મ કાર્યાલય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN 364 250

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી સમયસારજી ઉપર તથા બપોરે શ્રી પ્રવચનસારજી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ રસ ઝરતા વૈરાગ્યમય પ્રવચનો ચાલી રહ્યાં છે.

# "આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો"

[ પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃતમાંથી ]

૧. જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે-રાગદ્વેષ રહિત છે-તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ( શ્લોક ૮૫ )

૨. હે દુર્બુદ્ધિ પ્રાણી ! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (-આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે ? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ. ( શ્લોક ૧૬૮ )

૩. જો આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ તે સંબંધ પામે અને તેમાં જ તે સ્થિત થાય, તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું ? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે. ( શ્લોક ૧૫૨ )

૪. જો પરિગ્રહયુક્ત જીવોનું કલ્યાણ થઈ શકતું હોય તો અગ્નિ પણ શીતળ થઈ શકે, જો ઇન્દ્રિયજન્ય સુખ વાસ્તવિક સુખ હોઈ શકે તો તીવ્ર વિષ પણ અમૃત બની શકે. જો શરીર સ્થિર રહી શકે તો આકાશમાં ઉત્પન્ન થનારી વીજળી તેનાથી પણ અધિક સ્થિર થઈ શકે તથા આ સંસારમાં જો રમણીયતા હોઈ શકે તો તે ઇન્દ્રજાળમાં પણ હોઈ શકે. ( શ્લોક ૫૬ )

૫. હે વિદ્વજનો ! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઇષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ( શ્લોક ૧૨૩ )

૬. જીવોએ જે નિરંતર ભોગોનો અનુભવ કર્યો છે તેમનું તે ભોગોથી ઉત્પન્ન થયેલું સુખ અવાસ્તવિક (કલ્પિત) છે. પરંતુ આત્માથી ઉત્પન્ન સુખ અપૂર્વ અને સમીચીન છે-એવો જેના હૃદયમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો છે તે તત્ત્વજ્ઞ છે. ( શ્લોક ૧૫૦ )

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૮૮૦ | શ્રી મનહરલાલ છોટાલાલ ભાયાણી | મુંબઈ |
| ૮૮૧ | " પરમાનંદ ચુનીલાલ શાહ | " |
| ૮૮૨ | " વસંતલાલ મગનલાલ શાહ | " |
| ૮૮૩ | " હરીલાલ ભુરાભાઈ અજમેરા | દામનગર |
| ૮૮૪ | " સમીર માણેકલાલ તુરખીયા | મુંબઈ |
| ૮૮૫ | " અનીલકુમાર મુલકચંદ કામદાર | " |
| ૮૮૬ | " મહેન્દ્ર શાંતિલાલ શેઠ | " |
| ૮૮૭ | " રતીલાલ ગોરધનદાસ પારેખ | " |
| ૮૮૮ | " મુક્તાબેન મનહરલાલ સંઘવી | " |
| ૮૮૯ | " આશિષ પ્રકાશચન્દ્ર વખારીયા | " |
| ૮૯૦ | " મગનલાલ નારણજી પટેલ | " |
| ૮૯૧ | " લક્ષ્મીદાસ વલ્લભદાસ ચોવટીયા | " |
| ૮૯૨ | " પ્રભુદાસ એન. કામદાર | " |
| ૮૯૩ | " દેવેન્દ્રકુમાર એચ. મહેતા | " |
| ૮૯૪ | " દિનેશચંદ્ર અંબાલાલ શાહ | " |
| ૮૯૫ | " નરેન્દ્રકુમાર મણીલાલ પારેખ | " |
| ૮૯૬ | " સૌભાગ્યમલજી પાટની | " |
| ૮૯૭ | " બીપીનચંદ્ર લાભશંકર મહેતા | " |
| ૮૯૮ | " સવિતાબેન જેઠાલાલ શાહ | લંડન |
| ૮૯૯ | " મોહનલાલ લાધુ માલદે | નાઈરોબી |
| ૯૦૦ | " ડૉ. છગનચંદ રેવચંદ | રણાસણ |
| ૯૦૧ | " રસિકલાલ હરીલાલ ધોળકિયા | મુંબઈ |
| ૯૦૨ | " હરીશકાંત એમ. મોદી | સુરત |
| ૯૦૩ | " ડૉ. વી. એમ. જૈન | પારોલા |
| ૯૦૪ | " શાંતિલાલ સરાવગી | કલકત્તા |
| ૯૦૫ | " ઘેલાણી | " |
| ૯૦૬ | " ડી. એમ. હરીયા | લંડન |
| ૯૦૭ | શ્રીમતી મણિબેન આર. શાહ | " |
| ૯૦૮ | શ્રી મનહરલાલ કેશવલાલ દોશી | મોરબી |
| ૯૦૯ | " ભારમલ વાઘજી હરીયા | મુંબઈ |

**આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/-** (ક્રમશઃ)

' Licensed to post without Prepayment'
License No. 3

If not delivered please Return to:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
SONGAD PIN : 364 250

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250

મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૪૧૦૦

[ વાર્ષિક લવાજમ રૂ. ૬=૦૦ ]